અનન્ય પરિવર્તન

September 2015, Mumbai ♦ Volume 5 ♦ Issue 5

vitraag vigyaan



પર્યુષણ મહાપર્વ ૨૦૧૫, મુંબઈ

શ્રી જિન પ્રતિમા / આગમસાર પૂજન







આગમ આજ્ઞા





અનુક્રમણિકા

પર્યુષણ મહાપર્વ ૨૦૧૫ ..... ૩

પત્રોની પાંખે ૬

અર્વાચીન જૈન જ્યોતિર્ધરો ૮

જ્ઞાન સાગર ૧૧

पूज्यश्री की अमृतवाणी १६

The Master's Voice ૨૦

પ્રશ્નોત્તરી ૨૩

જૈન ધર્મનો પગથાર ૨૫

Special Report ૨૬

Motivation for Soul ૩૦

અખાના છપ્પા ૩૨

RIYF ૩૪

विशेष अहेवाल ૩૫

Health To Happiness ૩૮

શ્રી રાજ મેડિકલ સેન્ટર ૪૦

Essence of Life ૪૨

સોહામણું સત્ય ૪૩

प्रेरक प्रसंग ૪૪

The Reader's Forum ૪૫

Relationships ૪૬

Laughter is the Best Medicine ૪૮

Tasty Bites ૪૯

Forthcoming Events ૫૦

From Us... to You ૫૧

Sponsorship ૫૨



EDITORIAL

શ્રીમદ વીતરાગ શાસનમેં, ઉત્તમ ક્ષમાકી સ્થાપના,
આત્માર્થે કરીએ ખામના, સબ દોષ - પાપ હો જાય ફના.

ઉત્તમ ક્ષમાપનાના મહામૂલ્યવાન પર્વ પર્યુષણના પાવન અવસરે, પૂજ્યશ્રીની અસ્ખલિત, અનુભવગમ્ય વાણીનો લાભ મેળવી એમણે કહેલા વચનોને હૃદયમાં અવધારીએ અને નિશ્ચય કરીએ કે પરિભ્રમણને ટાળી, માર્ગમાં આગળ વધવા હું મારો 'લક્ષ' પાકો કરીશ અને જે જે ભાવોનું ઉત્કૃષ્ટપણું આ દિવસો દરમિયાન થયું છે એને રોજ તાદૃશ્ય કરી આખું વરસ આ પર્યુષણ પર્વનો આનંદ અનુભવીશ.

જે પોતાનું નથી એવા સંસારને પોતાનું માની જીવે અનંત કાળથી પરિભ્રમણ કર્યું છે. આ માન્યતાને સદ્‌ગુરુની નિશ્રામાં તોડી, તીર્થંકરે કહેલા છ પદની યથાર્થ માન્યતા કરી, રત્નત્રયની આરાધના કરી લઈએ તો આ મનુષ્યભવનું સાર્થકપણું થાય. આત્મભ્રાંતિનો ક્ષય કરી, દેહાધ્યાસને છોડી, વૈરાગ્યને વર્ધમાન કરી અંતિમ લક્ષ સુધી પહોંચવાનો પુરુષાર્થ કરીએ.

આ મનુષ્યભવમાં કરવા યોગ્ય સહેલી વસ્તુ છે આદિપુરુષની હૃદયમાં સ્થાપના. એના માટેની 'માસ્ટર કી' છે સત્પુરુષ પ્રત્યે અચળ પ્રેમ. એવો પ્રેમ સત્પુરુષને કરવાનો છે કે ભક્તિથી પરાભક્તિ સુધી પહોંચી શકાય; અને આપણા માટે 'રાજહૃદય'માં સ્થાન નિશ્ચિત થઈ જાય.

ભગવાન મહાવીરે આત્માને જે પ્રમાણે જોયો, પરમ કૃપાળુ દેવે આત્માને જે પ્રમાણે જાણ્યો અને પરમ પૂજ્ય પ્રેમઆચાર્યજીએ આત્માને અનુભવ્યો એ લક્ષને આપણે સિદ્ધ કરવાનો છે. સત્સંગ, સમાગમ, ભક્તિ એ બધા સત્‌સાધનોનો ઉપયોગ કરશું તો લક્ષ ચોક્કસ પાર થશે.

પર્યુષણ પર્વના આ મંગળકારી અવસરે 'અનન્ય પરિવર્તન'ની ટીમ વતી આપને જાણતા કે અજાણતા મનદુઃખનું કોઈપણ કારણ થયું હોય તો હૃદયથી ક્ષમા માંગીએ છીએ.

મિચ્છામિ દુક્કડમ્



શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર – ઉપસંહાર

શ્રીનું શ્રીજીને મળવું એ જ સમકિત : એ જ સમકિતના સથવારે

શ્રીમદ્ રાજચંદ્ર આત્મતત્વ રીસર્ચ સેન્ટર, રાજનગર પર્લીના ઉપલક્ષે, મુંબઈમાં તા. ૧૦ સપ્ટેમ્બરના પર્યુષણ મહાપર્વનો ખૂબ દબાદબાભેર, ભવ્યાતિભવ્ય શુભારંભ થયો. પરમ પૂજ્ય પ્રેમ આચાર્યજી (પરમ પૂજ્ય પપ્પાજી) અને પૂજ્યશ્રી નિલેશભાઈની દિવ્ય ઉપસ્થિતિમાં, પરમ કૃપાળુ દેવ રચિત શ્રી આત્મસિદ્ધિનો ઉપસંહાર (ગાથા ૧૨૮ - ગાથા ૧૪૨) પૂજ્યશ્રીની અનુભવયુક્ત, સરળ અને સચોટ વાણીમાં ૮ દિવસ સુધી અસ્ખલિતપણે વહ્યો. તેમની કૃપા પ્રસાદીરૂપે આગમસાર, એક દિવ્ય આગમપોથીરૂપે રાજહૃદયમાંથી અક્ષર દેહે અવતરણ પામી. રાજહૃદયમાં કંડારાયેલા પદો પરમ કૃપાળુ દેવના અંતરમાંથી સ્ફુરાયેલા શબ્દો છે, તેમના આત્મિક અનુભવો છે. આપણા સર્વ મુમુક્ષુઓ માટે સાક્ષાત કેવળી પ્રભુની દેશના છે એટલે જ તે પરમ આરાધ્ય છે.

ઉપસંહારનું વાંચન કરતાં પૂજ્યશ્રીએ કહ્યું કે પરમ કૃપાળુ દેવે આત્મ સિદ્ધિની દરેક ગાથાઓમાં જે કહ્યું છે એ અંતરથી, આત્મભાવથી બરાબર સમજાય પછી જ ઉપસંહાર સમજાય. ધર્મને નામે જુદી જુદી જે માન્યતાઓ છે એ બધી જ માન્યતાઓ ભૂલભરેલી છે. જૈન દર્શનમાં તીર્થંકરોએ મોક્ષમાર્ગ જે રીતે સમજાવ્યો છે એને સમજવા ઊંડા વિચારની જરૂર છે. ઊંડા વિચાર થતાં ન હોવાથી માર્ગની યથાર્થ ખાતરી થતી નથી અને માર્ગમાં ટકી શકાતું નથી. એ થવા માટે અત્યંત ધીરજની જરૂર છે અને ધીરજ ત્યારે જ ટકે જ્યારે આત્મજ્ઞાની સદ્ગુરુ માટે અત્યંત શ્રદ્ધા હોય અને માર્ગ માટે અત્યંત વિશ્વાસ હોય. અહીં ભાવપુરુષાર્થ એટલો જ કરવાનો કહ્યો છે, ''હું અજર-અમર-અવિનાશી આત્મા છું, અત્યારે ભલે મને એનો અનુભવ નથી પણ જ્ઞાનીએ જે કહ્યું છે તે સાચું જ છે,'' આ ભાવ કરવાથી એ રૂપ કર્મ બંધાશે અને એનું પરમાર્થે ફળ મળતા આત્મા ક્રમશઃ પોતે પોતાનો વિકાસ કરતો જશે.

ભારતના છ દર્શનોની માન્યતા કેટલી ભૂલભરેલી છે એ અનુભવમાં આવે એ રીતે પરમ કૃપાળુ દેવે આત્મ સિદ્ધિમાં ગુરુ શિષ્યના સંવાદરૂપે પ્રતિપાદીત કર્યુ છે. તેમણે ખૂબ જ સરળ રીતે સમજાવ્યું છે કે આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા ભાવ કરે તો કર્તા છે પણ સ્વભાવમાં રહે તો અકર્તા છે, મોક્ષ છે અને તેના ઉપાય માટે ભાવરહિતપણાની સાધના કરવાની છે. આ બધુ સમજવા માટે પ્રત્યક્ષ આત્મપ્રાપ્ત સદ્ગુરુની અત્યંત જરૂર છે. સદ્ગુરુના નિમિત્તથી ભવરોગનું ભાન થાય છે. સદ્ગુરુ ભવ રોગના કારણરૂપ સંસારભાવ છોડાવે છે. સંસાર કરતા આત્માનું મહત્વ અનેકગણું છે એ સમજાતા જીવને સંસાર કરતા આત્મા વધારે વહાલો લાગે છે.

મૂંઝવણ ટાળી સાચો માર્ગ બતાવવાની સાધના અહીં પરમ કૃપાળુ દેવે વર્ણવી છે. એના માટે સહુથી પહેલા આપણે લક્ષ નક્કી કરવાનો છે. લક્ષ નક્કી કરી લીધા પછી એ પ્રાપ્ત કરવા માટેના સાધનનો ઉપયોગ કરવાનો છે. એટલે નિશ્ચય (લક્ષ) અને વ્યવહાર (સાધન) દ્વારા મોક્ષમાર્ગમાં આગળ વધવાના ઉપાય અહીં પરમ કૃપાળુ દેવે બતાવ્યા છે. આજે પોતાની જે દશા છે ત્યાંથી સદ્ગુરુની કૃપાથી આગળ વધી, નિશ્ચય અને વ્યવહારનું સમતોલપણું જાળવી શુદ્ધ આત્માની દશા પ્રાપ્ત કરવાની છે.

અહીં પૂજ્યશ્રીએ સંસારભાવને તોડવા માટે શરૂઆત ધાર્મિક ક્રિયાઓથી કરી (દેરાવાસી), મનની એકાગ્રતા વધતાં ક્રિયારહિતપણાથી (સ્થાનકવાસી) દિગંબર અવસ્થા સુધી જીવની યાત્રાની વાત કરી. ઘાતીકર્મો નબળા પડે ત્યારે આત્મા દિગંબર થયો એમ કહેવાય. દેહાધ્યાસ છૂટી એકાવતારીપણું જ બાકી રહે એટલો વિકાસ આ કાળમાં પણ કરી શકાય છે. રાગ-દ્વેષ - અજ્ઞાનથી રહિત થવાય તો મુક્તિનું કારણ થાય. દેહથી જે જે ભોગવતાં હોઈએ તે વખતે અંતરંગમાં ખેદ રહેવો જ જોઈએ. આત્માએ કરેલી ભૂલનું જે પરિણામ દેહ ભોગવે છે ત્યાં શુભાશુભ ભાવ ન થતાં સમતાભાવ રહે તો ૪-૫ ભવોમાં કર્મોનો ક્ષય થઈ ક્ષાયિક દશાની પ્રાપ્તિ થાય.

મોક્ષનો માર્ગ સરળ - સહજ - સુગમ છે પણ પ્રાપ્તિ સદ્‌ગુરુ થકી જ છે. એમના પ્રત્યે પ્રેમભક્તિ થઈ જાય તો બાકીનું કાર્ય ગુરુ પોતે જ કરાવી શકે. એના માટે મન-વચન-કાયા બધા કરતાં વધારે મહાત્મ્ય જ્ઞાનીની આજ્ઞાનું જ છે, જે પળાય તો પરમ શુદ્ધ દશાની પ્રાપ્તિ થાય. જીવ જ્યારે જ્ઞાનીની આજ્ઞા પાળવા તૈયાર થાય છે ત્યારે મિથ્યાત્વથી શરૂ થઈ બધા કર્મોથી રહિતપણું (પરમ શુદ્ધ, પરમ બુદ્ધ, ચૈતન્યમય) કઈ રીતે કરી શકાય એનો કોર્સ જ્ઞાની પાસેથી જીવને મળે છે. જેમ જેમ આજ્ઞા પળાતી જાય, તેમ તેમ જીવની દશા બળવાન થતી જાય, તેમ તેમ તેનો સંસારનો મોહ ક્રમશઃ ઘટતો જાય છે. દેહાધ્યાસ છૂટી જઈ આત્મસ્વભાવનો અખંડપણે આનંદ રહે છે. આ છેવટની દશા છે.

આ દશા પ્રાપ્ત કરવા માટે અડચણરૂપ મોહનીય કર્મને સંપૂર્ણપણે સમજી એને ક્ષય કરવાનો પુરુષાર્થ મુખ્યપણે કરવાનો છે. મોહનીયને ક્ષય કરવા સહુ પ્રથમ અનુક્રમે મિથ્યાત્વ, કષાય, વિષય, પ્રમાદ, યોગ વિગેરેનો પુરુષાર્થ કરવાનો છે. વૈરાગ્યને બળવાન કરવાનો છે. વૈરાગ્ય જેટલો બળવાન હશે એટલા ચારેય ઘાતિકર્મો નબળા પડતા ઈશ્વરપણું પ્રગટ થતું જાય. જ્યાં સુધી બળવાન વૈરાગ્ય ઉત્પન્ન ન થાય ત્યાં સુધી મોક્ષમાર્ગમાં છીએ એમ કહેવું પણ યોગ્ય નથી.

પર્યુષણ પર્વના આ મહાપૂણ્યવાન દિવસોમાં શ્રી આત્મ સિદ્ધિ શાસ્ત્રના ઉપસંહારનું વિવેચન કરતા પરમ પૂજ્ય પ્રેમ આચાર્યજીએ આત્માના વિકાસ માટે ઘણું ઘણું કહ્યું જે બધુ જ સમાવવું અહીં શક્ય નથી. છતાં મુખ્યપણે જેના વિશે કહ્યું તે છે...

- છ દર્શન અને તેનાથી અલગ જૈન દર્શનની માન્યતા
- ભવરોગ - આત્મભ્રાંતિ



- નિશ્ચય - વ્યવહાર
- કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ, ભવે ખેદ, અંતર દયા
- સદ્‌વ્યવહાર - અસદ્‌વ્યવહાર
- રાગ - દ્વેષ - અજ્ઞાનથી રહિતપણું
- મોહનીય કર્મ : દર્શન અને ચારિત્ર
- ભવી - દૂરભવી - અભવી જીવો
- અનંત જ્ઞાન - અનંત દર્શન - અનંત તપ - અનંત વિર્ય
- ત્યાગ - વૈરાગ્ય - ઉદાસીનતા
- દયા - શાંતિ - સમતા - ક્ષમા
- સદ્‌ગુરુનું મહાત્મ્ય

અંતે પરમ પૂજ્ય પપ્પાજીએ કહ્યું કે, પરમ કૃપાળુ દેવને યથાર્થ રીતે ઓળખી લઈએ તો એ મોક્ષનું અત્યંત બળવાન નિમિત છે. આત્મસિદ્ધિના છ પદ જે રીતે લખેલા છે એ રીતે બરાબર સમજાય તો પાંચમું મોક્ષપદ અવશ્ય પ્રાપ્ત થાય.

તા. ૧૭ સપ્ટેમ્બરના સાંવત્સરીક પ્રતિક્રમણ કરી સર્વેએ હૃદયપૂર્વક ક્ષમાપના કરી. એ વખતે પૂજ્યશ્રીએ આશીર્વચન ઉચ્ચારતા કહ્યું કે, આજ સુધી જેટલા પ્રતિક્રમણ કર્યા છે એ બધા 'દેહ'થી કર્યા છે, કોઈ દિવસ 'આત્મા' માટે પ્રતિક્રમણ કર્યું નથી તેથી અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યા છીએ. આ પ્રતિક્રમણ કરી સહુથી પહેલી માફી આપણા પોતાના આત્માની માગવાની છે, કારણ કે ભૂલો આત્માએ કરી છે. 'હું દેહ નથી, આત્મા છું' એ સચોટપણે પાકું કરીએ તો આ પ્રતિક્રમણ યથાર્થ છે, અન્યથા નહીં જ.

તદ્‌ઉપરાંત તા. ૧૨ સપ્ટેમ્બરના સાંજના સેન્ટરના 'સ્પર્શ' ગ્રુપ દ્વારા ભાવવાહી ભક્તિનો પ્રોગ્રામ હતો જેમાં સહુ મુમુક્ષુઓ તરબોળ બની ઝૂમી ઉઠ્યા હતા.

દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.. ◆



પત્રોની પાંખે



નિજ ભાવોને વ્યક્ત કરતા પરમાર્થિક પ્રશ્નોનાં નિરાકરણ માટે પરમ પૂજય શ્રી પ્રેમઆચાર્યજી સંબોધિત લખાયેલા જુદા જુદા મુમુક્ષુઓના પત્રોનાં જવાબમાં તેઓશ્રીના ઉત્તર રૂપી પત્રોની આ શૃંખલામાં તેમની નિષ્કારણ કરુણા અને પ્રેમસ્વરૂપ સહજ સ્વભાવના દર્શન થયા વગર રહેતા નથી. ચર્મચક્ષુથી વંચાતા એમના ગુજરાતી ભાષાના સાદા સીધા લાગતા શબ્દોને જો આત્મચક્ષુથી ઉકેલવામાં આવે તો અપરંપાર એવું આત્મત્વ ભરેલું દૃષ્ટિગોચર થયા વગર નથી રહેતું અને દંગ બની આશ્ચર્યચકિત થઈ ''અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર ; આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર. એ પરમ કૃપાળુ દેવનાં વચનો જીવ વેદ્યા વગર નથી રહી શકતો.

.....

શ્રી જીજ્ઞાસુ,

પત્ર મળ્યો. વાંચ્યો, પરંતુ આજ સુધી જવાબ ન લખી શક્યો તો ક્ષમ્ય ગણશો. કોઈપણ જીવને પ્રશ્નનું સમાધાન ત્યારે જ થાય જ્યારે જવાબ જીવને પોતાને મળે. જ્યારે જવાબ પોતાની મેળે મળી જાય છે, ત્યારે જ બીજાની વાત ''ગળે ઉતરી'' તેમ લાગે, અથવા આપણે જ કહીએ ''આમની વાતથી સમાધાન થયું'' બાકી સમાધાન પોતે જ કરવાનું હોય છે. બીજા લાખો લોકોના જવાબથી સંતોષ થતો જ નથી માટે જુદી જુદી દ્રષ્ટિએથી તમારી વાત જ જણાવું છું અને આવા કોઈ કારણે (નિમિત્તે) સમાધાન થવા યોગ્ય હશે તો થશે.

પ્રશ્ન છે તમારા જીવનનું ધ્યેય શું ? મનુષ્યપણું પામીને જીવનું ધ્યેય શું હોવું જોઈએ ? જીવનું જીવન શું ? તમે એટલે કોણ ? જીવ શું ? જીવન શું ? આવા અનેક પ્રશ્નોની ચર્ચા અત્યાર પૂરતી બાકી રાખી કંઈક જણાવવા પ્રયત્ન કરું છું. અને આગળ ઉપર તે પણ વિચારી લેશું... સાથે મળીને.

એક અબજ માણસોને આ પ્રશ્ન પૂછવાથી સાચો જવાબ મળવો અશક્ય છે, ઘણાને પૂછેલ છે... જવાબ નથી મળ્યો... પ્રતીતિકારક. વાત સાચી જ છે. અબજ કહો કે તેનાથી અનેક ગણા કહો પણ જેને પ્રકાશનો અંશ પણ પ્રાપ્ત નથી, તે કોઈ કાળે પ્રકાશને ન જ વર્ણવી શકે.

કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય;
તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.

જેમ કરોડ વર્ષથી ઉંઘમાં સ્વપ્ન ચાલતું હોય તે જાગૃત થતાં ખતમ થઈ જાય છે તથા કરોડો વર્ષ ઉંઘતા રહીએ તો મિથ્યાત્વવાળું અસત્ય તે સ્વપ્ન, સત્ય - સ્વરૂપે ચાલ્યા જ કરશે. તેમ જ અનાદિનું અજ્ઞાન અબજો માણસોને અબજો વર્ષથી ચાલે જ. જ્યારે સત્ પ્રાપ્ત થાય ત્યારે જ અસત્ ટળે. જ્ઞાન મળ્યે જ અજ્ઞાન ટળે, સમાધાન પ્રશ્નોનું થાય. અન્યથા નહીં જ.

જેમ અબજો જવાબ આપી શકવા યોગ્ય નથી, તેમ અબજો ગુણ્યા અબજો ''સર્વજ્ઞ'' પદને પામ્યા છે અને જ્યારે સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું ત્યારે સર્વ પ્રશ્નના સમાધાન યથાર્થ રીતે થયા હોય તે સમજાય તેવું છે. સર્વજ્ઞ કહેતા, તેઓને સત્ સમજાણું છે, તેઓ મોક્ષને, શાશ્વત-સત્-સુખને પ્રાપ્ત થયા છે અર્થાત્ સાચા જીવનમાં ધ્યેયને પ્રાપ્ત પણ થયા છે. આમ બે વાત થઈ - અબજો યથાર્થ પ્રતીતિકર જવાબ આપવા અસમર્થ છે અને અનંતા એ ખાલી યથાર્થ જવાબ જ નથી આપ્યા, ખરેખર તે પ્રાપ્ત

કરી, તે માર્ગ બીજા અનંતા અનંતા જીવો માટે પુરેપુરો ખુલ્લો પણ મૂકી ગયા છે... અનંત કરૂણા કરીને, અત્યંત નિષ્કારણ કરૂણા કરીને. જે કોઈ તે ચિંધેલા માર્ગે ચાલે તેને તે અવશ્ય પ્રાપ્ત થાય જ.

હવે એ તો જીવનો પોતાનો નિર્ધાર છે. શું માનવું, શું ન માનવું? આજે પણ બન્ને માન્યતાવાળા અસંખ્ય માણસો હશે જ, કોઈ પહેલા પ્રકારની માન્યતાવાળા, કોઈ બીજા પ્રકારની માન્યતાવાળા. સરખામણીમાં અત્યંત જૂજ જીવોને બીજા પ્રકારની માન્યતા હોય છે. જ્યારે ઘણાં, ઘણાં, ઘણાં જ મોટા ભાગનાની માન્યતા પ્રથમ પ્રકારની છે. માન્યતા જ જીવની પોતાની આગવી છે. બદલાવવી હોય તો બદલાવે, ન બદલાવવી હોય તો ન બદલાવે, જ્યાં જેમાં સુખ લાગે રહે, જીવે.

''સત્ એક જ હોય... છતાં ત્યાં એક મત નથી...

ચિંતકો - વિચારકો, ધર્માચાર્યો - પયગંબર - ક્રાઈસ્ટ વિ. વિ. આ બાબત પર એક નથી.''

સત્ય એક જ હોય એમ તો માનો છો ને? પછી શું મુંઝવણ છે? બધા એક મત નથી થતાં તે મુંઝવણ છે કે સત્ય એકથી વધારે છે તે મુંઝવણ છે. જો સત્ય એક છે અને મત ભિન્ન ભિન્ન છે તો તે કોઈને પણ સમજાય તેવું જ છે. તે સત્થી વેગળા છે. પછી મુંઝવણ થવી સંભવિત છે. જો સત્યથી વેગળા કહીએ તો શંકરાચાર્ય, પયગંબર, ક્રાઈસ્ટ જેને કરોડો લોકો માને તે સત્યથી વેગળા? જો તેઓ વેગળા ન હોઈ શકે તેમ લાગતું હોય તો પછી તેઓને સમજવામાં જ આપણી ભૂલ સંભવે છે. જુદા જુદા મત દેખાય છતાં તેમ ન પણ હોય. આ સિવાય ત્રીજો વિકલ્પ ન જ હોઈ શકે.

ફરીથી (૧) સત્ એક જ હોય તો તેઓ સત્થી દૂર હોવા જોઈએ.

(૨) સત્થી દૂર તેવી વિભૂતિ ન જ હોઈ શકે. તો તેમના મતને સમજવામાં આપણી જ ભૂલ સંભવે.

આ બન્ને વિકલ્પોનું સમાધાન પણ જીવે જ કરવાનું રહે છે. સત્ જાણીને પામવાની જેની તીવ્રાતિતિવ્ર ઝંખના છે તેવા જિજ્ઞાસુને તે પ્રાપ્ત થાય જ છે. જીજ્ઞાસુ તેને તીર્થંકર જણાવે છે, ઓળખાવે છે. જે સત્ પ્રાપ્ત થતાં અસત્ છૂટી જ જાય છે, અને ગ્રહણ કરેલ મત, આગ્રહ, માન, અભિમાન સર્વને હોડમાં મુકી એક સત્ની પ્રાપ્તિ માટે જ જીવે છે.

બીજા તર્કથી આ મુદ્દાને બીજી દૃષ્ટિથી જોઈએ. એમ સમજીએ ઘોર ઘોર અંધકારથી શરૂ થઈને પરમ પ્રકાશ સુધીનો લાંબો માર્ગ છે.

૦-૧-૨-૩-૪-૧૦-૨૦-૩૦-૪૦-૫૦-૬૦-૭૦-૮૦-૯૦-૧૦૦

આમ સો માઈલનો માર્ગ ૦ થી શરૂ થઈ ૧૦૦ સુધીનો છે. ૧૦૦ને પરમ સત્ય ગણીએ તો જ્યાં ૧૦૦ છે ત્યાં સત્ એક જ છે અને ત્યાં જે છે તેણે સર્વ જાણ્યું છે, સર્વને જ્ઞેય કરી સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું છે. ત્યાં કોઈ કાળે સત્ બે તો શું ૧.૦૧ પણ નહીં હોય ૧ અને ૧ (એકજ) હશે.

હવે જે લોકો ૧૦૦ થી પાછળ જ્યાં ઊભા છે ત્યાંથી જે જાણે છે તે બોલે તે દરેકની વાતમાં ફરક આવશે જ. કોઈ ૩૦ બોલશે, કોઈ ૩૫ બોલશે, કોઈ ૫૧ બોલશે.

(૭૦ થી વધારે અવસ્થા આ કાળે નથી તેમ સમજીએ)

હવે જે ૦ થી સ્ટાર્ટ કરી ૫૦ ઉપર પહોંચ્યા છે તે બધા અંધકારથી બહાર આવ્યા છે અને ઠીક ઠીક પ્રકાશ પામ્યા છે અને જે પામ્યા તે વદે છે તેથી ફરક લાગશે જ. મતફેર પણ લાગશે. બાકી પરમ સત્ તો એક જ અને તેમાં ત્રણે કાળમાં ફરક ન જ પડી શકે. લાખ - કરોડ વર્ષ પહેલાં અને આજે, તેમ જ લાખ - કરોડ વર્ષ પછી પણ સત્ એક જ હતું, છે અને રહેશે. બાકી ''હજાર જ્ઞાનીનો એક મત અને એક અજ્ઞાનીના હજાર મત'' તે કહેણીમાં પણ તથ્ય હશે જ ને?

સર્વ સાચા જ્ઞાનીનો સત્ માટે એક જ મત છે, હતો અને ભવિષ્યમાં પણ તેમ જ.

જ્યાં લોકો એક તે ''બાબત'' પણ એક નથી જ. બાકી નિત્ય નિરંજન સર્વકાળ સત્ રહેતી બાબત ઉપર સર્વનો મત એક જ, એક જ છે અને જ્યાં એક મત નથી ત્યાં જીવને પદાર્થની ઝાંખીની ઝાંખી પણ નથી એમ સમજશો.

''એક પામર શોધક ... શોધતો રહીશ... શ્રદ્ધા સાથે.''

હું પામર શું કરી શકું, એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક.

પામરતાનો વિશેષ વિશેષ અર્થ કરશો, સમજશો અને તે ગુણ જેવો કેવળીના જ્ઞાનમાં દેખાય છે તેવો પ્રગટાવશો જ, પછી પામર જીવે અથાગ પરિશ્રમ કરવાની જરૂર નથી. પંરતુ સત્પુરુષાર્થ કરવાની જરૂર છે. રાઈટ ડાયરેકશનમાં જવાનો પ્રયાસ તે જ સત્પુરુષાર્થ છે. અનંત વૈભવશાળી આત્મ દ્રવ્યનો અદ્ભુત, અચિંત્ય શ્રદ્ધા ગુણ વિશેષ પ્રકારે વિચારવા જેવો છે. (વિશેષ પ્રકારે એટલે ઓવર થીન્કીંગ નહીં) વિચારી સમજી તે રૂપ થવા યોગ્ય છે. જેથી અત્યંત અઘરાં પ્રશ્નોનો વિચાર કરવાની શક્તિ પ્રગટે અને ભવિષ્યમાં સર્વ પ્રકારે સમાધાન થાય.

ક્રમશઃ

પરમતત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી



ગયા અંકમાં શ્રીમદ્ રાજચંદ્રજીના લેખના અનુસંધાનમાં, અહીં કેટલાક મહત્વના પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે.

(ગતાંકથી ચાલુ...)

આરાધક-વર્ગ : જેમ જેમ પુષ્પની સુગંધી ફેલાય છે તેમ તેમ ચારે દિશાઓમાંથી ભમરાઓ તે તરફ સ્વયં આકર્ષિત થઈને આવે છે. આ જ પ્રમાણે અનેક જિજ્ઞાસુઓ પોતપોતાની રીતે શ્રીમદ્જી તરફ આદર, સન્માન અને ભક્તિની દૃષ્ટિથી જોતાં થઈ ગયા.

શ્રી સોભાગભાઈ: શ્રીમદ્ના સમસ્ત પત્રસાહિત્યનો લગભગ ચોથો ભાગ જેમના ઉપર લખાયેલો છે તેવા સરળતા, સૌમ્યતા, શરણાગતિ, સાચી સંસ્કારિતા અને જિજ્ઞાસાની મૂર્તિસ્વરૂપ શ્રી સોભાગભાઈ શ્રીમદ્ના પરમ સખા હતાં.

શ્રી લઘુરાજ સ્વામી: શ્રીમદ્ના આ અનન્ય ઉપાસક ખરેખર મહાન સ્વ-પર કલ્યાણ સાધી ગયા. મૂળમાં સ્થાનકવાસી સાધુ તરીકે દીક્ષિત થયા હોવા છતાં તેઓએ પોતાનું જીવન શ્રીમદ્ને સર્વથા સમર્પિત કરી દીધું હતું. તેમણે અનેક પ્રકારનાં કષ્ટો વેઠીને પણ અપૂર્વ ગુરુભક્તિ અને ઉગ્ર સાધના દ્વારા મહાન આત્મકલ્યાણ કર્યું.

શ્રી અંબાલાલભાઈ : તેઓ મૂળ ખંભાતના વતની હતાં. તેમની તીવ્ર સ્મરણશક્તિને લીધે શ્રીમદ્ તેમને શાસ્ત્રના કે પત્રોના ઉતારા કરવા માટે આપતા. શ્રીમદ્ના દેહાવસાન પછી તેમનું સાહિત્ય એકત્રિત કરવામાં અને વ્યવસ્થિત કરવામાં તેઓનો અનન્ય સહયોગ હતો. વિ.સં.

૧૯૬૧માં તેઓનો દેહોત્સર્ગ થયો.

શ્રી જૂઠાભાઈ: શ્રીમદ્‌ના અલ્પકાળના સાન્નિધ્યથી નાની ઉંમરમાં જ આત્મકલ્યાણ કરનાર આ એક મહાન જિજ્ઞાસુ આત્મા હતાં. ત્રેવીસ વર્ષની યુવાન વયે વિ.સં. ૧૯૪૬માં તેઓનો સ્વર્ગવાસ થયો.



શ્રીમનસુખભાઈ: મોરબીના રહીશ શ્રી મનસુખભાઈ કીરતચંદ મહેતાએ શ્રીમદ્‌ને થોડા કાળના પરિચયમાં જ જ્ઞાની તરીકે ઓળખી લીધા હતાં. શ્રીમદ્ પ્રત્યે તેમને અનન્ય ભક્તિ ઉત્પન્ન થઈ હતી.



ગાંધીજી : ગાંધીજીએ પોતાના માર્ગદર્શક તરીકે માનેલા ત્રણ પુરુષોમાં, આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે શ્રીમદ્ રાજચંદ્ર અગ્રગણ્ય છે. ઘણા લેખકોએ ગાંધીજીને એક 'મહાત્મા' અને શ્રીમદ્‌ને એક 'ધર્માત્મા'નું બિરુદ આપેલું છે.

ઉપર્યુક્ત મહાનુભાવો ઉપર શ્રીમદ્ રાજચંદ્રની ખૂબ જ અસર થઈ હતી. પરિણામે તેમના જીવનની દિશા જ બદલાઈ ગઈ! બીજા પણ અનેક પુરુષો ઉપર તેમના જીવનની અને બોધની ઠીક ઠીક અસર પડી હતી જેમાં નીચેના મહાનુભાવો મુખ્ય છે.

અમદાવાદના શ્રી પોપટલાલ મહોકમચંદભાઈ શાહ, મોરબીના ન્યાયાધીશ શ્રી ધારશીભાઈ સંઘવી, શ્રી માણેકલાલ ઘેલાભાઈ, શ્રી રેવાશંકર જગજીવનદાસ ઝવેરી, શ્રી મનસુખભાઈ રવજીભાઈ મહેતા, શ્રી ત્રિભોવન માણેકચંદ, શ્રી ઝવેરભાઈ શેઠ, શ્રી જેસીંગભાઈ ઉજમશી, શ્રી લહેરચંદભાઈ, શ્રી ડુંગરશીભાઈ, શ્રી ખીમજી દેવજી, શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા, શ્રી છોટાલાલ માણેકચંદ, શ્રી વિનયચંદ પોપટભાઈ દફતરી, શ્રી અનુપચંદ મલુકચંદ વિગેરે.

કેટલાક પ્રેરક પ્રસંગો

''નિષ્કારણ કરુણા''

શ્રીમદ્ એક વખત મોરબીથી વવાણિયા જતા હતાં. સ્ટેશને મૂકવા માટે શ્રી મનસુખભાઈ મહેતા આદિ કેટલાક મુમુક્ષુઓ ગયા હતાં. ગાડી આવવાને સમય હતો. તેથી બધા ધર્મચર્ચા કરતા હતાં. તે અરસામાં મનસુખભાઈને કોઈ બોલાવવા આવ્યું એટલે ઘેર જવું પડ્યું. તેથી ગાડી આવતાં સુધીનો સત્સંગનો લાભ જવા બદલ તેમને મનમાં ને મનમાં ખૂબ ખેદ થયો. તે ખેદ પ્રગટ ન કરતાં મનસુખભાઈ ઘેર ગયા, પણ એ ખેદ શ્રીમદ્ પામી ગયા અને પછીથી ગાડી આવી ગઈ હોવા છતાં તેઓ વવાણિયા ન જતાં બધા મુમુક્ષુઓ સાથે મોરબી પાછા ફર્યા અને બીજે દિવસે મનસુખભાઈને સત્સંગનો લાભ આપ્યો. જ્ઞાનીની નિષ્કારણ કરુણા તે આનું નામ!



''મનને નવરું ન મેલવું''

એક વખત મુનિ મોહનલાલજીએ શ્રીમદ્‌ને પ્રશ્ન કર્યો: ''મન સ્થિર રહેતું નથી, તો શો ઉપાય કરવો?''



શ્રીમદે ઉત્તરમાં જણાવ્યું, ''એક પળનો સમય પણ નકામો જવા દેવો નહીં. વૈરાગ્યાદિની વૃદ્ધિ થાય તેવું કોઈ સારું પુસ્તક વાંચવું, વિચારવું. એ કાંઈ ન બની શકે તો છેવટ માળા ગણવી. પણ જો મનને નવરું મેલશો તો ક્ષણવારમાં તે સત્યાનાશ વાળી દેશે માટે તેને સદ્‌વિચારરૂપી ખોરાક આપતા રહેવું. જેમ ઢોરને કાંઈ ને કાંઈ ખાવાનું જોઈએ, દાણાનો ટોપલો આગળ મૂક્યો હોય તો તે ખાધા કરે છે, તેમ મન ઢોર જેવું છે. બીજા વિકલ્પ બંધ કરવા માટે તેને સદ્‌વિચારરૂપી ખોરાક આપવાની જરૂર છે. મન કહે તેના કરતાં ઊલટું વર્તન કરવું, તેને વશ થઈને તણાઈ જવું નહીં, તેને ગમે તેના કરતાં આપણે બીજે ચાલવું.''

ઉપસંહાર: શ્રીમદ્ રાજચંદ્રજીનું વ્યક્તિત્વ મુખ્યત્વે આધ્યાત્મિક રહ્યું છે. જોકે તેમના ટૂંકા આયુષ્યને લીધે તેમનો જીવનસંદેશ તેમની હયાતિમાં બહુજનસમાજ સુધી પહોંચી શક્યો નથી. પરંતુ આપણે એ ન ભૂલીએ કે તેઓ માત્ર એક મહાન સંત જ નહીં પણ એક પ્રબુદ્ધ કેળવણીકાર, જન્મજાત કવિ, લોકોત્તર સ્મરણશક્તિધારક, વિશિષ્ટ તર્કપટુતાના સ્વામી, અનેકવિધ અતીન્દ્રિય જ્ઞાનના અધિકારી, સમાજસુધારક, અહિંસા, સત્યના પ્રયોગવીર અને પૂજારી, સ્ત્રીજાતિની સુધારણાના અને ભારતની સંસ્કૃતિના મહાન હિમાયતી તેમજ સર્વધર્મસમભાવના એક વિશિષ્ટ જ્યોતિર્ધર હતા.

ષડ્દર્શનના સારરૂપ શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, શ્રી મોક્ષમાળા, અપૂર્વ અવસર અને બીજા અનેક આધ્યાત્મિક પત્રો અને કાવ્યો દ્વારા આધ્યાત્મિક સાધકોને અને સમાજ તથા ધર્મની નીતિમત્તાનાં ધોરણોને ઊંચે લાવવા નિષ્પક્ષપણે ઉચ્ચ કક્ષાનું સર્વતોમુખી માર્ગદર્શન આપનાર આ મહાપુરુષને ગમે તે કારણોસર બહુજન સમાજ યથાર્થપણે ઓળખી શક્યા નથી અને તેમના ઉપદેશનો યથાયોગ્ય લાભ પણ લઈ શક્યા નથી.

''શ્રીમદ્‌ની ઉપદેશ પ્રસાદી''

શ્રીમદે ૩૩ વર્ષની ટૂંકી જિંદગીમાં આપણને ઘણો વિસ્તૃત, પરમ ઉપકારક અને સર્વગ્રાહી બોધ આપ્યો છે. અહીં તો માત્ર સામાન્ય વાચકવર્ગ માટે તેમના ઉપદેશમાંથી વિશેષ ઉપકારી, સરળ અને વ્યવહારજીવનમાં ઉપયોગી થોડીક સામગ્રી સંક્ષેપમાં રજૂ કરીએ છીએ. સૌ કોઈને જીવન ઉન્નત બનાવવાની તે પ્રેરણા આપે છે.

૧. સામાન્ય સદાચાર અને નીતિ-ન્યાય

(૧) સર્વ જીવોમાં સમદ્રષ્ટિ, કોઈ પ્રાણીને જીવિતવ્યરહિત કરવાં નહીં, તેની પાસેથી ગજા ઉપરાંત કામ લેવું નહીં.

(૨) જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કરીશ તો જિંદગી સુખરૂપ અને લાંબી લાગશે.

(૩) જે સંસાર પ્રવૃત્તિથી આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ થાય તેનું નામ વ્યવહારશુદ્ધિ.

(૪) પવિત્રતાનું મૂળ સદાચાર છે.

૨. માનવદેહ

(૧) દુર્લભ એવો મનુષ્યદેહ પણ પૂર્વે અનંતવાર પ્રાપ્ત થવા છતાં કંઈ પણ સફળ થયું નહીં, પણ આ મનુષ્યદેહને કૃતાર્થતા છે કે જે મનુષ્યદેહે આ જીવે જ્ઞાની પુરુષને ઓળખ્યા તથા તે મહાભાગ્યનો આશ્રય કર્યો.

(૨) સર્વ પ્રાણીની અપવાદ સિવાય સુખ પ્રાપ્ત કરવાની ઈચ્છા, મહદ્ અંશે મનુષ્યદેહમાં સિદ્ધ થઈ શકે છે, આમ છતાં સુખને બદલે દુ:ખ સ્વીકારે છે, આવું માત્ર મોહદ્રષ્ટિને લીધે જ બને છે.

૩. વૈરાગ્ય

(૧) ગૃહકુટુંબાદિ ભાવને વિશે અનાસક્ત બુદ્ધિ થવી તે વૈરાગ્ય છે.

(૨) વૈરાગ્ય જ અનંત સુખમાં લઈ જનાર ઉત્કૃષ્ટ ભોમિયો છે.

(૩) સત્પુરુષ કરતાં મુમુક્ષુનો ત્યાગ-વૈરાગ્ય વધી જવો જોઈએ. મુમુક્ષુઓએ જાગ્રત થઈ વૈરાગ્ય વધારવો જોઈએ. સત્પુરુષનું એક પણ વચન સાંભળીને પોતાના વિશે દોષો હોવા માટે બહુ જ ખેદ રાખશે અને દોષો ઘટાડશે ત્યારે જ ગુણ પ્રગટશે.

(૪) વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન;
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

૪. જ્ઞાન

જે વડે વસ્તુનું સ્વરૂપ જાણીએ તે જ્ઞાન.

જ્ઞાન દોરો પરોવેલ સોય જેવું, એમ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહેલું છે. દોરો પરોવેલ સોય ખોવાતી નથી તેમ જ્ઞાન હોય તો સંસારમાં ભૂલું પડાતું નથી.

જેનાથી બાહ્ય વૃત્તિઓ રોકાય છે, સંસાર પરથી ખરેખરી પ્રીતિ ઘટે છે અને સાચાને સાચું જાણે છે તે જ્ઞાન છે.

એકમાત્ર આત્મજ્ઞાન જ ક્લેશોથી અને સર્વ દુ:ખોથી મુક્ત થવાનો ઉપાય છે. વિચાર વિના આત્મજ્ઞાન સંભવતું નથી અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી. એમાં કિંચિત્ માત્ર સંશય નથી. આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું એ જ સર્વ પદાર્થોનું સ્વરૂપ જાણવાનો એકમાત્ર હેતુ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થોનું જ્ઞાન નિષ્ફળ છે. જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.

।।સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો.।। ◆

ભક્તિમાર્ગનું રહસ્ય

''જ્ઞાન અને ભક્તિ બન્નેનું લક્ષ્ય એક જ છે, સ્વાત્માપલબ્ધિ વા આત્મસિદ્ધિ કરવાનું એટલે મોક્ષનું; જ્ઞાનમાર્ગમાં તર્ક, બુદ્ધિ અને અનુમાનશક્તિની બહુલતા હોય છે.''

જ્ઞાન અને ભક્તિ બન્નેનું લક્ષ્ય એકજ છે એટલે જ્ઞાન અને ભક્તિ બન્નેથી મુક્તિ લેવાની છે. આત્મા કર્મના બંધનથી મુક્ત થાય તે મોક્ષ. જ્ઞાનમાર્ગથી જ્યારે મોક્ષની આરાધના થાય છે ત્યારે જીવે પોતાની બુદ્ધિનો લક્ષ કરી અને દરેક વખતે લોજીક એટલે તર્ક લગાવવું પડે છે કે, આ વસ્તુ આમ છે માટે આમ કરો; મારું અનુમાન એમ છે, મને એમ લાગે છે કે આ જ સાચું છે. માર્ગની જેને પ્રાપ્તિ છે એનું અવલંબન નથી અને જીવ પોતે અનુમાનથી નક્કી કરે કે આ વસ્તુ બનવાની જ છે અને કેટલીય વખતે ધાર્યું હશે એના કરતાં ઓછું પરિણામ આવે એમ નહીં, સાવ ઊંધું પરિણામ આવ્યું હશે. સંસારની અંદર જે કાંઈ કરવાનું છે એના અનુમાનથી જ આપણે વર્તતા હોઈએ છીએ અને એવા સંસાર કે જેની અંદર અનેક ભવોનો આપણને અનુભવ છે; એવા અનેક ભવોના અનુભવના કારણે આ ભવના અનુભવમાં વારંવાર ભૂલ પડે છે. તો પછી આત્મા જે ક્યારેય કોઈ ભવમાં જાણેલો નથી એવો જે પદાર્થ એ તર્ક અને અનુમાનથી અને એ પાછો અજ્ઞાની જીવ જો પ્રયોગ કરે તો એ સિદ્ધિ પોસીબલ છે ? વિચારવા જેવું છે.



ભક્તિમાર્ગમાં હૃદયમાંથી નિર્ઝરતી પ્રેમ, કરૂણા, આર્દ્રતા અને ઉપકારભૂત ભાવભીની લાગણીઓની પ્રબળતા હોય છે.

હવે હૃદયથી જ્યારે જે કંઈ કરવામાં આવે છે એ એક પ્રકારે આત્માથી કરવામાં આવે છે એમ ચોક્કસ કહી શકાય, પણ ક્યારે ? હૃદય જ્યારે જ્ઞાનીને કે સત્પુરુષને અર્પણ થઈ ગયું છે ત્યાર પછી એ હૃદય જે કંઈ કરે છે એ આત્મા કરે છે. ડૉક્ટર લોકો જેને પમ્પીંગ સ્ટેશન કહે છે એ હૃદયની વાત નથી. તમે જે ઊંડાણથી બુદ્ધિનું અવલંબન છોડી અને પછી જે વિચાર કરો એ હૃદયથી થાય છે. ભાવુકતા, પ્રેમ, લાગણી, ઉપકારબુદ્ધિ મસ્તકમાંથી ક્યારેય ન આવે. મોક્ષમાર્ગ માટે કંઈક જુદી રીતે વિચારીએ તો જ કામ થઈ શકે એવું છે. જ્યારે હૃદયથી કરતાં હશો ત્યારે એક જુદી જાતની ફીલીંગ

હૃદય જ્યારે જ્ઞાનીને અર્પણ થઇ જાય છે ત્યારે ધીરે ધીરે ચેન્જ થતાં થતાં એ બધા આત્મિક ગુણો જેવા કે પ્રેમ, શ્રદ્ધા, કરૂણા, દયા વિગેરે ગ્રહણ કરી શકે એવો તૈયાર થઇ જાય છે.

હશે. મસ્તકથી જ્યારે વિચાર કરતાં હશો તો જુદી જાતની હશે.

હૃદય જ્યારે જ્ઞાનીને અર્પણ થઈ જાય છે ત્યારે ધીરે ધીરે ચેન્જ થતાં થતાં એ બધા આત્મિક ગુણોને ગ્રહણ કરવા તૈયાર થઈ જાય છે. પ્રેમ, શ્રદ્ધા, કરૂણા, દયા આ બધા આત્માના જ તો ગુણો છે અને આત્મા, હૃદય પોતે એનો વિચાર કરે તો ચોક્કસ જલ્દીથી આગળ વધી શકાય છે.

જ્ઞાન માર્ગ શુષ્ક, કઠણ અને દુરારાધ્ય હોવાથી બહુ જ થોડા મનુષ્યો તેનો લાભ લઈ શકે છે.

ભક્તિ માર્ગ તો કોઈ ગાંડા, અભણ, અબુધ અને પોતાને કંઈ નથી આવડતું એવા લોકો ગ્રહણ કરે. બાકી જગત આખુ બુદ્ધિમાર્ગથી જ આગળ વધે છે. પણ લાભ બહુજ થોડાને અથવા કોઈને મળતો નથી. જ્ઞાનમાર્ગ શુષ્ક છે; જૈનો જે ધર્મ કરે છે એ કેવા શુષ્ક હોય છે. જ્યારે જુઓ ત્યારે ગંભીર, ગંભીર; હસીએ, કોઈની સાથે મીઠું બોલીએ તો રાગ કહેવાય પણ ગમે તે બોલવાની છૂટ. આજે તમારાથી આનંદ, ખુશી અને સહજતાથી ધર્મની આરાધના થાય છે અને કેટલો હળવાશનો અનુભવ કરીએ છીએ. એવું ત્યાં નહીં હોય.

ઘણા લોકો આ માર્ગને આરાધે છે પણ બહુજ થોડા લોકોને એનો લાભ થાય છે. બધા જ બુદ્ધિશાળી, હોંશિયાર લોકોને એમ જ થાય કે જે ચેલેન્જીંગ હોય એજ મારે કરવું છે, બાકી નકામી ચીજ કરવી નથી. જે આમ ચેલેન્જ આપવા તૈયાર હોય એ આત્મા ન હોય, 'હું' હોય.

ભક્તિ માર્ગ સ-રસ, સહેલો અને ઓછા પરિશ્રમે સાધ્ય થતો હોવાથી ઘણા મનુષ્યો તેના આશ્રયથી મોટો લાભ ઉઠાવી શકે છે.

ભક્તિનો માર્ગ-ભક્તિ કે પ્રેમ શબ્દ બોલતાં જ મોઢામાં રસ આવી જાય છે; જ્ઞાનમાર્ગની અંદર જીવે પોતે એકલાએ પુરુષાર્થ કરવાનો હોય છે અને ભક્તિમાર્ગમાં તમારે તો એટલું જ કહેવાનું કે હું પુરુષાર્થ કરવા તૈયાર છું.

જ્ઞાનમાર્ગમાં પોતાને ચાર ઘાતિકર્મોની બેડીઓથી જકડાયેલ પોતાનાં આત્માનું જ અવલંબન હોય છે, તેથી કાર્યસિદ્ધિ કઠિનતાથી થાય છે.

જે જીવો જ્ઞાનમાર્ગે આગળ વધવા માંગે છે એ જીવો ચાર ઘાતિકર્મોથી પૂરેપૂરા જકડાયેલા, બંધાયેલા હોય છે. એમના જ્ઞાનનું આવરણ બળવાન, દર્શનનું આવરણ બળવાન, દર્શન મોહનીય, ચારિત્ર મોહનીય કર્મ અને અંતરાય કર્મ પણ બળવાન. આવી રીતે જકડાયેલો આત્મા કોનો ? જ્ઞાનીનો - જ્ઞાની એટલે So called જ્ઞાની જે જ્ઞાનમાર્ગે આગળ વધવા માંગે છે. એવાનું અવલંબન લઈ અને આગળ વધવા માંગે છે એ જીવને ઈન્દ્રિયો, જડ પદાર્થ સિવાય બીજા કોઈનો પરિચય ન હોવાથી ચેતનને ઓળખવાની સામર્થ્ય શક્તિ હજી પ્રાપ્ત થઈ નથી. છતાં જીવને જીદ છે કે અમને કોઈના આશ્રયની જરૂર નથી. ઘાતીકર્મથી બંધાયેલા આત્માના આવલંબનથી અમે આગળ વધશું. જ્ઞાનમાર્ગથી આ આખો મોક્ષમાર્ગ મળી જતો હોય અને આ ભવમાં પ્રત્યક્ષ જ્ઞાની ન હોય તો પણ એવા જ્ઞાનની પ્રાપ્તિ જીવે પૂર્વભવમાં ચોક્કસ કોઈ એવા જ્ઞાનીના આશ્રયેજ કરેલી હોય; એ ઘણું ઘણું પ્રાપ્ત કરી ચૂક્યા હોય અને ત્યાં ભક્તિથી આગળ વધી અને પછી આત્મજ્ઞાનની આરાધનામાં જોડાયા હોય.

ભક્તિમાર્ગમાં ભક્તને ચાર ઘાતીકર્મોના બળવાન ક્ષયો પશમથી ઉત્પન્ન બળવતી શક્તિઓના ધારક પરમકૃપાળુ સત્પુરુષની પ્રત્યક્ષ તેમજ પરોક્ષ સહાય હોવાથી તેમનો સાથ તથા સહારો છે અને તે કારણે સિદ્ધિની સફળતા સહેલાઈથી થાય છે.

ભક્તિમાર્ગમાં તો ફક્ત એવા અદ્‌ભુત જ્ઞાનીપુરુષની ઓળખાણ થઈ જાય, જેઓએ ચારે ઘાતી કર્મોનો બળવાનપણે ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષય કરેલો છે, પણ સંપૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાનની દશા પ્રાપ્ત નથી કરી; ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમકિત એ બધાનો અનુભવ હોવાથી એ અત્યંત સ્પષ્ટપણે શિષ્યના આત્માને ચોક્કસ માર્ગદર્શન આપી શકે છે. આ ભક્તિ માર્ગની અંદર શિષ્યએ ફક્ત આવા ગુરુનું અવલંબન લેવાનું છે, બાકીનું બધું જ કાર્ય એ ગુરુ એમને શીખડાવે છે, જેવી રીતે નવજાત બાળક ત્રણ-ચાર વર્ષનું થાય ત્યાં સુધી નાનામાં નાની ચીજ, માતા બાળકને અત્યંત અત્યંત પ્રેમથી શીખડાવે છે. ફક્ત બાળક હસતું રહેવું જોઈએ. ફુદાકુદ કરતું હોય, મા ને જોઈને ચમક આવી જતી હોય, પચ્ચીસ લોકો બેઠા હોય પણ દૂરથી મા આવે ને બધા ભૂલાઈ જાય, મા એક જ યાદ રહે. બાળકમાં જેવી ગ્રાહકતા છે એવી આપણામાં જ્ઞાનીપુરુષ પ્રત્યે થાય તો આખા માર્ગના એ જાણકાર હોવાથી, કોઈપણ ઊંડા પ્રયોગમાં ઉતરવું પડતું નથી. પણ જીવને જે યોગ્ય છે એજ માર્ગદર્શન મળી રહેતાં ભક્તિમાર્ગથી સહજ રીતે મોક્ષનો માર્ગ, આત્મજ્ઞાન, સમકિતની પ્રાપ્તિની ચોક્કસ સંભાવના છે. આવા જ્ઞાની પુરુષ શરૂઆતમાં થોડાક મહિના કે વર્ષો સુધી પ્રત્યક્ષ મદદ કરે પછી જેવો શિષ્ય યોગ્ય થઈ જાય ત્યાર પછી વળગી ન રહે. એને પરોક્ષ રીતે આખી જિંદગી સુધી અને જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી માર્ગદર્શન મળ્યા જ કરે છે. શિષ્યથી ખરા અંતરમાંથી બોલાઈ જાય છે, ''અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરૂણાસિંધુ અપાર!!'' તે હાજર ન હોય તો પણ એની કરુણાનો અનુભવ વારંવાર થયા જ કરતો હોય છે. એવો અનુભવ અનેકને હશે જ.

જ્ઞાનમાર્ગીને શાસ્ત્રજ્ઞાનની મુખ્યતા હોવાથી શાસ્ત્રાધ્યયનનું મુખ્યપણું હોય છે; ભગવાનરૂપ સત્પુરુષના ભક્તને તેમની અપૂર્વ, એકાંત હિતકારી અને પૂર્વાપર અવિરોધ વાણી એજ મુખ્યતાએ શાસ્ત્ર સ્વરૂપ છે, અને તેથી આજ્ઞા ન મળી હોય ત્યાં સુધી શાસ્ત્રાધ્યયનનું અત્યંત ગૌણપણું છે.

જ્ઞાનમાર્ગીને શાસ્ત્રમાંથી જ એકાગ્રતા પ્રાપ્ત કરવાની હોય છે. આપણે બધા જાણીએ છીએ કે જ્યારે અદ્‌ભુત એવી એકાગ્રતા આવે, ધ્યાનમાં જરા વધારે ઊંડા ઉતરીએ ત્યારે સમાધિ લાગી જાય; સમાધિમાં જરા ઊંડા ઉતરીએ એ છે આત્મસમાધિ અથવા આત્માનો અનુભવ. જ્ઞાનમાર્ગીને સૌથી વધારે અવલંબન શાસ્ત્રનું હોવાથી અને શાસ્ત્રમાં અનેક જુદા જુદા દ્રષ્ટિકોણથી અથવા સ્યાદવાદ શૈલીથી, અનેકાંતવાદથી એકની એક વસ્તુ અનેક જુદી જુદી રીતે વર્ણવી હોય એટલે શંકા થાય, આટલી બધી રીતમાં સાચું શું ? મહાવીરના શાસ્ત્રની અંદર ઉત્તરાધ્યયન સૂત્રમાં જે કાંઈ હોય એનાથી કંઈક જુદું દશવૈકાલીકમાં હશે; મન વિક્ષિપ્ત ન હોય અને શાંત હોય તો જ એ સમાધિ થઈ શકે. વિક્ષિપ્ત એટલે ચંચળ, ભાગાભાગ કરતું શંકાશીલ મન કે આ સાચું કે પેલું સાચું એવા વિચારમાં જ્યાં સુધી મન રહ્યા કરતું હોય તો એકાગ્રતા તો ન થાય.

સદ્‌ગુરુનો જેને આશ્રય છે એને સદ્‌ગુરુ કહેશે કે એ પચાસમાંથી તારા માટે આ ત્રણ બરાબર છે, બાકીની જરૂરત નથી; બસ આ ત્રણનું આરાધન કર અને તને એ જ ફીટ થઈ જશે અને થઈ જ જાય. શાસ્ત્રની અંદર જે કાંઈ વિરોધાભાસ દેખાતો હોય, જ્ઞાની એ બધાનું સમાધાન કરે છે કે આ વિરોધાભાસ નથી, ખાલી દ્રષ્ટિનો ફરક છે એટલું જ.

''આણાએ ધમ્મો, આણાએ તવો''

જ્ઞાનીની આજ્ઞા એ જ ધર્મ છે, જ્ઞાનીની આજ્ઞા એ જ તપ છે. આટલી સમજણ હોવાથી શાસ્ત્રમાં અનેક રીત

જ્ઞાનીની આજ્ઞા એ જ ધર્મ છે, જ્ઞાનીની આજ્ઞા એ જ તપ છે. આટલી સમજણ હોવાથી શાસ્ત્રમાં અનેક રીત લખેલી હોય, એમાંથી કયા જીવે, કયા રોગ માટે કઈ દવા લેવી એવું વિશેષ પણે જ્ઞાની કહી શકે છે. જ્ઞાનીની વાણી અવિરોધ હોય છે એટલે જે કહે છે એ પરિણામ આવે છે.

જ્ઞાનીના મન, વચન, કાયાથી જે કાંઇ ચેષ્ટા કે ક્રિયાનું ઊંડાણથી અવલોકન થાય ત્યારે શાંતિ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા, નમ્રતા, વીતરાગતા, પ્રેમ, કરૂણા એવા આત્માના ગુણોના આપણને દર્શન થાય. એ ગુણના દર્શન આપણને થાય એનો અર્થ એ કે આપણા આત્માના એ ગુણો આપણે ઓળખી લીધા.

લખેલી હોય, એમાંથી કયા જીવે, કયા રોગ માટે કઈ દવા લેવી એવું વિશેષપણે જ્ઞાની કહી શકે છે એટલે જીવને ક્યાંય આગળ પાછળ જવાની જરૂર નથી. બીજું, જ્ઞાનીની વાણી અવિરોધ હોય છે એટલે જે કહે છે એ પરિણામ આવે છે, એનાથી કાંઈ ઊંધુ થાતું નથી. પણ શાસ્ત્રના વાંચનથી ઘણીવાર જે ધારીએ છીએ એના કરતાં ઊંધુ પરિણામ પણ આવી જાય છે. જ્ઞાનીની અવિરોધ વાણી એ જ શાસ્ત્ર છે.

જ્ઞાનમાર્ગીને જ્યાં સુધી સત્પુરુષની આજ્ઞા ન મળી હોય ત્યાં સુધી શાસ્ત્રનું વાંચન અત્યંત અત્યંત જરૂરી છે, પણ ગૌણપણે છે. એવા જ્ઞાનીપુરુષની જ્યાં સુધી સાચી ઓળખાણ ન થાય ત્યાં સુધી આ શાસ્ત્રમાંથી સત્પુરુષના લક્ષણો, એમના ગુણ, સત્પુરુષને કેવી રીતે ઓળખવા એ યોગ્યતા પ્રાપ્ત કરવાની રહે. શાસ્ત્રમાંથી અથવા આગમોમાંથી સત્પુરુષને કેવી રીતે ઓળખવા એ જ વધારે અગત્યનું છે, મોક્ષનો માર્ગ નહીં. આવી યોગ્યતા થાય એ જીવને જરૂર પૂર્વના ઋણાનુબંધી એવા સાચા જ્ઞાનીપુરુષની ચોક્કસ ચોક્કસ ઓળખાણ થાય જ.

જ્ઞાનમાર્ગીને સમાધિના શીતળ સુખ માટે એકાગ્રતા અને ધ્યાનના કઠિન પ્રયોગો કરવા પડે છે. આ પ્રયોગો વેળાયે વિક્ષિપ્ત ચિત્ત વારંવાર અંતરાયો નાખી હેરાન પરેશાન કરે છે અને અતિ પરિશ્રમ બાદ સફળતા મળે છે.

જ્ઞાનમાર્ગની અંદર શું કરવાનું હોય? તો ધ્યાનમાં બેસવાનું છે, ધ્યાનની શિબિરો કરવાની છે. ઘણા લોકો પાસેથી સાંભળવા મળતું હશે કે ધ્યાન કરીએ છીએ પણ એકાગ્રતા થતી નથી, વિક્ષિપ્ત ચંચળ મન ભાગ્યા જ કરે છે. બધાને અનુભવ હશે કે નવરા બેઠા હોઈએ તો બહુ વિચાર ન આવતા હોય પણ જો હાથમાં માળા લઈએ એટલે એક એક મણકે પચ્ચીસ વિચાર હાજર થાય. એવી રીતે ક્યારેય જોઈએ એવી એકાગ્રતા આવી નથી શકતી. હવે જે લોકો દસ દસ, પંદર પંદર વર્ષ સુધી આ પ્રમાણે ધ્યાનની શિબિરો કરે છે ત્યાં પ્રત્યક્ષ આત્માની સાચી સમજણ ન હોવાથી શાંતિ વિગેરે બીજા ગુણો ઉત્પન્ન થાય છે પણ આત્મા હાજર થાય એવો નિયમ નથી, એ ખાસ વિચારવા જેવું રહે છે. એ જગ્યાએ કષાયો ઉપશમ થયેલા હોય, ક્ષયોપશમ કે ક્ષય ન હોઈ શકે. ક્યારે એ જ્વાળામુખીની જેમ ફાટી નીકળશે એ તમે કહી ન શકો. ભયંકર ક્રોધ આવતો હોય એને કન્ટ્રોલ કરવો વશમાં ન હોય.

ત્યારે ભક્તને તેવા કોઈ લીનતા થવા માટેના પ્રયોગોની જરૂર પડતી નથી, તે ''સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન'' કરતો હોવાથી તથા ''તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટામાં અદ્‌ભુત રહસ્યો'' નિહાળતો હોવાથી તેમના ઉત્તમ ગુણો-શાંતિ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા, નમ્રતા, પ્રેમ, વીતરાગતા, કરૂણા આદિ દ્રષ્ટિગોચર થાય છે અને તે પર વિચાર કરતાં સત્પુરુષ પ્રત્યેનો અત્યંત બળવાન અહોભાવ તેના આત્મામાં ઉઠતાં, વિકસતાં તે સહજા સહજ જ પ્રેમસમાધિ આવે છે, અને પછી તો તેના ફળરૂપે આત્મસમાધિનો અપૂર્વ લાભ તેને પ્રાપ્ત થાય છે.

જીવને કંઈ પ્રયોગ કરવાની જરૂર જ નથી. એને તો સત્પુરુષની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવાનું હોય છે જે ભવોભવથી આવડે છે. હૃદયના પ્રેમથી કોઈપણ વસ્તુને વારંવાર જોયા જ કરીએ, તો ગમે તેવી કદરૂપી વસ્તુ પણ પ્રિય લાગે કારણ પદાર્થ પ્રિય, અપ્રિય નથી; હૃદયમાં રહેલો જે પ્રવાહ છે એ જ મહત્વનો છે. સત્પુરુષની મુખાકૃતિનું હૃદય એટલે આત્માથી અવલોકન કરવાનું હોય અને એ અવલોકન તો કેટલાય ભવોની ટેવ હોવાને કારણે એ કર્યા જ કરે છે કલાકો સુધી, પણ

ધરાતો નથી. તેઓ આપણી સાથે વાત કરે અને આપણે જ્યાં બોલવાનું શરૂ કર્યું, ત્યાં વાત કરતાં કરતાં એમની આંખ બંધ કરી દે છે ત્યારે લાગે મનને કાંઈ કેમ અસર થાતી નથી? એમને પૂછીએ આટલું બધું બોલ્યા તમે સાંભળ્યું જ નહીં ને? ત્યારે કહે કે આપ આટલું જ કહો છો ને, ખબર છે. ગમે તેવા સમાચાર એમને આપો તો મોઢા પર જેવું હાસ્ય છે એવું જ રહે છે, કોઈ અસર નથી, કેવું શાંત રહે છે. એમની દરેક ક્રિયાની અંદર કંઈક અદ્‌ભુતપણું એટલે કે પોતાનામાં છે એના કરતાં કંઈક જુદું લાગે છે.

એમની સાથે જે જે પ્રસંગો થયેલા હોય એ વખતે જ્ઞાનીના મન, વચન, કાયાથી જે કાંઈ ચેષ્ટા કે ક્રિયાનું ઊંડાણથી અવલોકન થાય ત્યારે શાંતિ, સૌમ્યતા, ક્ષમા, નિર્લોભતા, નમ્રતા, વીતરાગતા, પ્રેમ, કરૂણા એવા આત્માના ગુણોના આપણને દર્શન થાય. એ ગુણના દર્શન આપણને થાય એનો અર્થ એ કે આપણા આત્માના એ ગુણો આપણે ઓળખી લીધા. ગમે તેટલા વર્ષો સુધી શાસ્ત્રનો અભ્યાસ કરીએ આ પોસીબલ નથી.

જો આત્મા અરૂપી છે તો તેના એકેય ગુણ રૂપી કે મૂર્ત તો ન હોઈ શકે, અમૂર્ત જ હોય અને છતાં કહીએ કે એમના બધા ગુણો હવે મને દેખાય છે, મારો આત્મા સાક્ષાત અનુભવ કરે છે એ feel થાય છે. આપણા આત્માના ગુણો પોતે જોતા હોઈએ, ફીલ કરતા હોઈએ અને ઓનર સદ્‌ગુરુને આપીએ; આહા! કેવા શાંત છે, કેવા સ્થિર છે, વિગેરે વિગેરે. આવું જ્યારે થાય છે ત્યારે અત્યંત બળવાન અહોભાવ આત્મામાં ઊઠતા, વિકસતા તે સહજાસહજ પ્રેમસમાધિમાં આવી જાય છે અને જ્ઞાનીની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરતાં કરતાં આંખ બંધ થઈ જાય છે. એમની શાંતિ, આનંદ, કરુણા એવા અનેક ગુણો એ આપણામાં પ્રગટી ચૂક્યા છે અને એનું અવલંબન લઈ ગુરુના આ ગુણો છે એનું ચિંતવન થાય છે. ત્યારે પોતાનો આત્મા પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે એને પ્રેમસમાધિ કહીએ. જ્યાં આ પ્રેમસમાધિમાં ઊંડા ઉતર્યા તો પોતાના ગુણોના ચિંતવનમાં ઊંડા ઉતરીએ છીએ; એજ તો આત્માનો અનુભવ છે. આટલી સહજ રીતે જીવને આત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે. પણ આ સાક્ષાત્કાર જીવ ખરેખર પોતાના અનુભવથી, મને સાક્ષાત્કાર થયો છે એમ ચોક્કસ કહી ન શકે; એટલું જ કહી શકે અદ્‌ભુત અનુભવ થાય છે, અદ્‌ભુત આનંદ આવે છે, આંખ બંધ કરી ઊંડા ઉતરી ગયા, ક્યાં ખોવાઈ ગયા એ ખબર નથી. તમે ગોતી આપો હું ક્યાં હતો? તમે સ્ટેમ્પ મારી આપો, બસ સ્ટેમ્પ માટે વાટ જોતા હોય છે ત્યારે સ્ટેમ્પ મરાઈ જાય છે. હવે કેટલો સહેલો પરમ કૃપાળુ દેવે આખો મોક્ષનો માર્ગ કરી આપ્યો છે પણ આટલા ઊંડાણથી અને આવી રીતે સમજવાની તૈયારી કેટલા લોકોની? અથવા આવું સાચું છે એટલે ઊંડાણથી જાણવાની યોગ્યતા કેટલાની?

આ પ્રકારે ભક્તિમાર્ગ સરળ અને સહેલો છે. જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ ધ્યેય, લક્ષ્ય, પ્રયોજનભૂત હેતુ અને ફળજન્ય અનુભવના અમૃતસ્વાદની અપેક્ષાએ સમાન છે.

જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ બન્ને એક જ સરખા છે. જે જે લોકો જ્ઞાનમાર્ગે આગળ વધતા હોય અને પરિણામ ન આવતું હોય, એવા લોકોએ આટલું સમજવાની જરૂર છે કે તમે જે સિદ્ધ કરવા માગો છો, આત્માની જે સિદ્ધિ પ્રાપ્ત કરવા માગો છો, એ ભક્તિમાર્ગથી પણ મળી શકે છે.

મોટાભાગના લોકોની માન્યતા એ છે કે ભક્તિમાર્ગ એ વેવલાપણું છે. પોતાની બુદ્ધિનો નાશ કરી અને પછી જ ચાલવાનું છે અને બુદ્ધિ જ ન હોય એ લોકો ક્યાંથી આગળ વધે આ એમની દલીલ છે. બીજું ભક્તિમાર્ગમાં સૌથી વધારે પ્રમાદ છે કારણ કે પ્રેમ અને ભક્તિ કર્યા કરો બાકી બીજો કોઈ પુરુષાર્થ નથી થાતો. શરૂઆતમાં પુરુષાર્થ અત્યંત જરૂરી છે અને છેલ્લે મોક્ષ માટે મંત્ર આરાધન એક જ કામ લાગે એવું છે.

જો કુગુરુના ફંદામાં ફસાઈ ગયા તો સૌથી વધારે નુકસાન ભક્તિમાર્ગમાં છે. એક રીતે ગુરુ એ પડવાનું સૌથી મોટું સાધન હોય. ગુરુની ઓળખાણ એ તો સૌથી અગત્યનું છે.

* ભક્તિમાર્ગનું રહસ્ય .... લેખક : શ્રી ભોગીલાલ ગીરધરલાલ શેઠ

નોંધ : પૂજ્યશ્રીના 'ભક્તિમાર્ગનું રહસ્ય'ના વિવેચનોનું આ સંક્ષિપ્ત સ્વરૂપ અનન્ય પરિવર્તનના તંત્રી વિભાગ દ્વારા આવરવામાં આવ્યું છે.

स्वच्छंद

आत्मा का महात्म्य, वैभव जब तक समझमें नहीं आयेगा तब तक कैसे किसी को संसार में पैसा, नाम, समृद्धि आदि छोडने का मन होगा? यह जब तक अनुभव में नहीं आता तब तक कोई भी उपदेश परिणाम नहीं पाता।

जीव को अपने अभिप्रायों से बहुत ज्यादा लगाव है। और ज्ञानी के अभिप्रायों का भी वह अपने अभिप्रायों के साथ मेल करता है और जो मेल खाते हो तब ही ज्ञानी के अभिप्रायों को प्रमाणभूत मानता है।

"अपनी न्यूनता समझे हों..." जिसे कुछ योग्यता प्राप्त हुई है, ऐसे जीव को तो पहले अपने सारे अभिप्राय, सारे निर्णय को गलत मानना चाहिये और ज्ञानी पुरुष के सर्व अभिप्राय, निर्णय, हर समय सर्व प्रदेश से सम्मत एवं प्रमाणभूत मानना चाहिये।

परम कृपालु देव के अनेक पत्रो में ऐसे वचन आये है। परम कृपालु देव पत्र ७६ में लिखते हैं, "एक सत्पुरुष को खोज कर, उसके चरण कमल में सर्वभाव अर्पण करके वर्तन किये जा। एक सत्पुरुष को राजी करने में, उनकी सर्व इच्छाओं की प्रसंशा करने में यही सत्य है ऐसा मानने में पूरी जिंदगी गई तो अधिक से अधिक पन्द्रह भव में मोक्ष जायेगा।" एक सच्चे सत्पुरुष जो मिल जायें तो आज तक जो कुछ, कितने ही भवों से सही गलत भ्रांतिवाले भाव किये हैं, वे सब अर्पण करके, उन भावों से निवृत्त हो जा। और अब जो सच्चा चाहिये, परमार्थ में आगे बढ़ने के लिये कैसे भाव चाहिये इसी विनंती के साथ उनके चरण कमल में रख दिजीये। आज तक का सब काटता हूँ, अब गुरुदेव आप कहें आगे क्या करुं? किस तरह करुं? ऐसे जो भाव है, वे भी पूरे जीवन दरम्यान अर्पण होने चाहिये। मतलब जीव के अपने जो जो दोष हैं, उन्हे जब तब बताते रहना चाहिये। और जब दोषो का वर्णन होता है, तो वे दोष जरूर जरूर दूर होते है, यह नियम है।

अतः समझ के साथ जो कुछ हमारे आगे बढ़ने के भाव है और पूर्व का जो स्वच्छंद आदि उन भावो को जो छोड़ना है; तो ऐसे सब भावो को जब तब पूरी जिंदगी भर सत्पुरुष को कहने चाहिये। जो दोष जीव को स्वयं को अपनी द्रष्टि से समझ में आते हैं – कि यह मेरा बड़े से बड़ा दोष है, वह अपने आप तो जायेगा नहीं, पर सिर्फ सत्पुरुष को एक्सप्रेस करने में आये कि यह मेरा दोष है, मुझे दूर करना है तो वो दोष सहज ही दूर होता है।

"सत्पुरुष के मन वचन और काया की प्रत्येक चेष्टा के अदभुत रहस्यो का वारंवार निदिध्यासन करना। सत्पुरुष का मान्य किया हुआ सभी मान्य करना।" (पत्र १७२) सत्पुरुषकी मुखमुद्रा का हृदय से अवलोकन हो

जिसे कुछ योग्यता प्राप्त हुई है, ऐसे जीव को तो पहले अपने सारे अभिप्राय, सारे निर्णय को गलत मानना चाहिये और ज्ञानी पुरुष के सर्व अभिप्राय, निर्णय, हर समय सर्व प्रदेश से सम्मत एवं प्रमाणभूत मानना चाहिये।

और फिर मन, वचन व काया से सत्पुरुषो ने जो मान्य किया है, वह स्वीकार करने में आये। शंका, आशंका, कुशंका.. आदि ना हो। बस इतना ही करने में आये तो पन्द्रह भव से ज्यादा नहीं है, ऐसा जिनकी दशा लगभग केवल ज्ञान जैसी है, ऐसे परम कृपालु देव विश्वास दे रहे है। सोलहवाँ भव नहीं होगा।

आगे हमे यह समझना है कि जिनकी दशा लगभग केवलज्ञान जैसी है, उनके शब्दो में कहें तो, हमारे में और महावीर में भेद नहीं है। एक पहनावे का फर्क है; ऐसे पुरुष जब कह रहे हैं कि अधिक से अधिक पन्द्रह भव में मोक्ष है, सोलहवाँ भव नहीं है।

पुरुषार्थ क्या करना है? तो जो जो दोष परिभ्रमण बढ़ानेवाले है, इन दोषो के कारण मोक्ष की तरफ प्रयाण नहीं हो सकता ऐसा जीव को अपने आप से महसुस होता हो, कि इन दोषों के कारण मैं अटक रहा हुँ और सत्पुरुष को कह दिया तो अटकायत मिट जायेगी, ऐसा विश्वास आ जाये तो बस, दोष जाते हैं। अगर दोष जायेगें तो मुक्ति कैसे नहीं मिलेगी?

अपना दोष समझपूर्वक प्रेम से सत्पुरुष को कह देना। बस इतने में सामायिक कहें, प्रतिक्रमण कहें, शास्त्र कहें... जो कुछ हैं सब इस एक वचन में समा जाते हैं। विचार कर देख लें। पर कितने ही दोष इतने प्रिय होते हैं कि भवोभव तक छोड़ने का मन नहीं होता। हर एक जीव स्वयं अपनी तरह से विचार ले। कौन सा दोष ऐसा है कि जो कहने का/छोड़ने का मन नहीं होता? मानलो कोई पान खाता है या गुटखा अथवा तम्बाकु की लत है, या पत्ते खेलता है। वह कहेगा इसमें कहाँ पाप लगता है? यह तो निर्दोष खेल है। सिर्फ दो चार घंटे मजा करते हैं। आत्मा को याद नहीं करते। तो विचार कर देखें इस तरह के मजे के दोष होते हैं जिन्हें छोड़ने का जीव को मन नहीं होता।

पत्र १६६: अनादि काल के परिभ्रमण में अनंत बार विद्याभ्यास, अनंत बार शास्त्रभ्यास, अनंत बार जिन दीक्षा और अनंत बार आचार्यपना प्राप्त किया है, हम सभीने पर आज भी हम सब यहीं बैठे बैठे मजा कर रहे हैं। जिन दीक्षा भी बहुत बार मुझे और आप सभी को उदय में आई है। उस समय इस जीव ने अनेकानेक प्राप्त पदार्थो का त्याग किया था, अनेक वस्तुओं की बाधा ली थी। मतलब अनंतबार जिन दीक्षा और आचार्यपना पाया है और फिर भी आज प्रेम से हम सब यहाँ बैठे हैं। इस तरह बलवान त्याग का जीवन बिताया पर उन पदार्थो के प्रति का अभिप्राय, निर्णय, अहंभाव, ममत्व भाव अखंडरूप से आज तक, इस क्षण तक रखे हुए है। मतलब दीक्षा ली, त्याग किया पर यह मेरी पत्नी है, पुत्र है... ऐसे जो भाव हैं, समझ है उस समझ के साथ हर बार देह छोड़ा है। मतलब संसार के जो अभिप्राय है, वो जैसे हैं, वैसे अंदर में रखे हुए हैं। 'मैं हुँ' ऐसा अभिमान भी आज तक अभिप्राय में पड़ा हुआ है। इसी तरह ममत्व भाव की यह मेरा है, वह भी अनादि काल से आज तक टिका के रखा है। अनंत बार जिन दीक्षा, आचार्यपना लिया है, पर जो जो पदार्थ जैसे हैं, उनके प्रति का अज्ञान दशा में, निश्चल दशा में जो अभिप्राय था, वह अभिप्राय आज तक जीव ने केन्सल नहीं किया। दुश्मन है तो भी उसके प्रति मुझे प्रेम है, पर याद है कि

जो दोष जीव को स्वयं को अपनी द्रष्टि से समझ में आते हैं, कि यह मेरा बड़े से बड़ा दोष है। वह अपने आप तो जायेगा नहीं, पर सिर्फ सत्पुरुष को एक्सप्रेस करने में आये कि यह मेरा दोष है, मुझे दूर करना है तो वो दोष सहज ही दूर होता है।

दुश्मन है, इसके साथ दुश्मनी नहीं करनी पर दुश्मन हाजिर रहा। पत्नी को हाजिर रखकर, कहना कि राग नहीं कीया है। संभव है? इसीलिये अनादिकाल के जो हमारे अभिप्राय है, वो अभिप्राय आज तक कायम है। और जो अधिकरण क्रिया कहते हैं वह चालु है।

इस भव में अभी से कहें, ''इस दुनिया में ये देह भी मेरा नहीं,'' ''मैं आत्मा हुँ।'' यह देह मेरी नहीं तो देह के संबंध में रहा हुआ कोई भी पदार्थ वह मेरा नहीं हो सकता। तब ममत्व भाव खतम होगा। इस तरह अभिप्राय बदलेगा, स्वच्छंद छुटेगा। फिर पूर्व कर्म के कारण स्त्री के साथ स्त्री का संबंध, पुत्र के साथ पुत्र का संबंध और अन्य लोगों के साथ जो पूर्व कर्म के संबंध हैं, उन्हें पूरा करेगें पर अंतरंग से जो बहुत जन्मो से अभिप्राय चले आ रहे थे, जिसे मैं स्वच्छंद कह रहा हुँ, उसका केन्सलेशन होना चाहिये। किसी को भी देखे तो यह पत्नी नहीं, पुत्र नहीं, माता नहीं, व्यापारी नहीं, धन नहीं, यह मेरे कर्म का उदय है। मैं आत्मा अकेला हूँ। यह रटण निरंतर चलता रहे और उदय कर्म के कारण, ऋणानुबंध के कारण जो व्यवहार है वो करते रहो।

अब परम कृपालु देव का उदाहरण ले तो पिछले तीन तीन भव से दीक्षा ही ले रहे थे और मोक्ष जाना है यही धुन थी। पर मोक्ष नहीं जा सके। परम कृपालु देव के भव में सातवें वर्ष में उन्हे जातिस्मृति ज्ञान, तेरह से पन्द्रह वर्ष की उम्र में सभी दर्शनों के सब शास्त्र पढ़ लिये, कंठस्थ हो गये ऐसी अद्भुत स्मरण शक्ति थी। चौदह वर्ष की उम्र में राम का जैसा अद्भुत वैराग्य था उससे विशेष वैराग्य परम कृपालु देव का था। ''हम देह धारी हैं कि नहीं यह भी हमे खबर नहीं।'' तब ज्ञान में देखते हैं कि इस स्त्री के साथ का कोई संबंध बाकी रह गया है और जब तक वह पूरा नहीं होगा मोक्ष नहीं होगा। इतनी अद्भुत ज्ञान दशा – मति, श्रुत, अवधि, मनःपर्यव ये चार ज्ञान दसवें से अढारवें वर्ष में प्राप्त होते हुए भी, कहते हैं, ''मैं विवाह करने को तैयार हूँ'' और विवाह किया। जिस स्त्री का जो ऋण था वह चूकाया। चार बच्चे हुए। इस तरह संसार की क्रिया हुई, फिर भी आत्मदशा ऐसे बढ़ती गई की उनतीसवे वर्ष तक लगभग केवलज्ञान जैसी दशा प्राप्त कर ली। हमें सोचना यह है कि क्रिया करते समय अंतरंग में क्या भाव करते हैं। की जो बंधन का कारण नहीं है। पुरानी जो मान्यतायें है वो मान्यता किस तरह ध्वंस हो यह महत्वपूर्ण है। पूर्व अभिप्राय की बात सोचें तो ऐसा होता कि, ''मेरी ऐसी दशा में मुझे विवाह तो नहीं करना चाहिये।'' पर उन्हें ऐक ही विचार आता है कि ऋण चुकाना है। अंतरंग दशा मेरी मैं समझता हुँ, कर्म के उदय से जो होना है, वो हो। आत्मा आत्मा का काम करती है और देह देह का काम करते हुए कर्म भोग कर छुट रही है। जैसे वोटर प्रुफ कंपार्टमेन्ट हो।

हमारी बात करे तो अनंतबार दीक्षा लेकर अनेकानेक पदार्थो का त्याग किया है, फिर भी इस जीव ने उन पदार्थो के प्रति के अभिप्राय, निर्णय, अहंभाव, ममत्व भाव... को अखंड रूप से आज तक रहने दिया है। तभी तो परिभ्रमण और परिभ्रमण के कारण आज भी प्रत्यक्ष खड़े हैं। अभी भी अपनी अल्प समझ से, विपर्यास बुद्धि से निश्चित किये गये अभिप्रायों के प्रति इस जीव को

अपना दोष समझ पूर्वक प्रेम से सत्पुरुष को कह देना इतने में ही सामायिक कहें, प्रतिक्रमण कहें, शास्त्र कहें... सब पुरुषार्थ इस एक वचन में समा जातां है।

उतना ही ममत्व है। अपने अभिप्राय से विपरीत ज्ञान के सामने आने पर वह सुनने की जरा भी तैयारी नहीं ही है। सुनने पर यह सब गलत लगेगा ही।

आज बहुत जगह हम देखते हैं कि, परम कृपालु देव के भक्त, उनमें से कोई, किसी भी देवी देवता, हनुमान, शंकर या गणपति को हाथ जोड़े तो ज्यादातर लोग कहेगें आप मिथ्यात्वी हो। परम कृपालु देव मिल गये, फिर ऐसे देव - देवियों को क्या पूजना? परम कृपालु गुरुदेव की श्रद्धा नहीं है। परम कृपालु देव की श्रद्धा होते हुए भी मिथ्यात्वी ऐसे पिता, दादा के रोज पेर छूते है। मिथ्यात्वी ऐसे कुटुम्बी लोगों के प्रति अत्यंत ऐसा राग करते है तो परम कृपालु देव की अशातना नहीं, पर हमारे गुरु भगवान नहीं तो वहाँ अशातना है। अगर हनुमान, शंकर, गणपति के गुणों की तुलना परम शुद्ध आत्मा के गुणों से करे तो वे वही है। तत्व की जहाँ बात है वहाँ लगभग एक रुपता है। मतलब परम कृपालु देव की अत्यंत दृढ़ मान्यता हो तो भी दूसरों का विनय कर सकते हैं। हम माँ - बाप को वंदन करते हैं, तो जिन्हे वंदन करते हैं, उनकी कोई शक्ति को वंदन करते हैं। उदाहरण के लिये जिसे कुछ प्राप्त है ऐसे व्यक्ति की बात कह रहें हैं। हनुमान को वंदन करते हाथ जोड़े वहाँ उनकी अदभुत ऐसी शक्ति की मांग होती है कि हमे भी इतना वीर्यबल दे कि हमारी साधना में हम वर्षो स्थिर रह सकें।

आज जितने रूढ़ि ग्रस्त लोग हैं, उनसे आप आत्मा की बात करो तो कहेगें, ''यह सब बोलने के लिये ठीक है, पर आत्मा मिलेगा नहीं।'' वो आपकी बात सुनने को तैयार नहीं होंगे। इसी तरह कुछ लोगों को पूछे, ''आ-पके भगवान कौन?'' तो तुरंत कहेगें, हमारे भगवान ये और आपके ये। इस तरह तुरंत ही दो भाग कर देंगे। अब सोचें भगवान की दशा, क्वॉलिटी एक होगी की अलग-अलग? यहाँ फिर से मेरे कहने का आशय यह है कि तत्व की यथार्थ ऐसी सच्ची समझ है या जो हमारे अभिप्राय या सिद्धांत हैं, उसे बलवान रूप से मानते हैं कि यही सत्य है तो फिर दूसरे की कोई बात ना सुने ऐसा नहीं, बल्कि सुने और तुलना करें।

आज बहुत से निश्चयनय वालों से बात करें तो इतनी उग्रता से कहते हैं कि, हम जो मानते हैं वही सच्चा है। उसके अलावा दूसरी बातों पर ऐसा भयंकर गुस्सा करते हैं कि बस पुछो मत। यह मेरे अपने अनुभव की बात कह रहा हूँ। आश्चर्य होता है कि ऐसा कोई कैसे हो सकता है? यहाँ मेरे कहने का आशय सिर्फ इतना ही है कि यह विनय है, इस बात की हम पुष्टि कर रहे हैं। परम कृपालु देव से दूसरे महान है, ऐसा कहने का भी आशय नहीं है। पर विनय तो छुटना नहीं चाहिये। जैसे अभी ही कुछ लोग श्रीमद् के दूसरे आश्रम हो कर आये। वहाँ वे लोग साधु - साध्वियों के आने पर वंदन भी नहीं करतें। उन्होंने दीक्षा ली है, नंगे पैर चलते हैं, भयंकर धूप सहते है, सर्दी में भी दो चार ही कपड़े हैं... तो उनके इस त्याग को हम वंदन कर ही सकते हैं ना? ◆

ॐ शांतिः शांतिः शांतिः

नोंधः पूज्यश्री के 'स्वच्छंद' के विवेचन का यह संक्षिप्त स्वरूप अनन्य परिवर्तन के संपादक विभाग द्वारा लिखा गया है।

SHRIMAD RAJCHANDRA VACHANAAMRUT

Patrank 57

Morbi, *ChaitraVad* 9, 1945

Dear,

Karm process is perplexing. Persistently, endeavor for maitri, pramod, karuna and upeksha.

Maitri means non enmity towards all beings, pramod means appreciation for virtue of every Aatma, karuna means compassion for each Aatma suffering from worldly miseries and upeksha means to detachedly forget worldly pratibandh (obstacles) and strive for own spiritual upliftment. These bhavana are beneficial and yield capability.

We learned in the last issue that .....

* ***Maitri means non enmity towards all beings.***
* ***Pramod means appreciation for virtue of every Aatma.***
* ***Karuna means compassion for each Aatma suffering from worldly miseries.***
* ***Upeksha means to detachedly forget worldly pratibandh (obstacles) and strive for own spiritual upliftment.***

..... and continue herein below with .....

Being strongly inclined towards these four *bhavana*, benefits *Aatma* immensely.

Let us understand this phenomena by a worldly example of two people, say a man and a woman. Setting eyes upon each other, followed by getting to know, developing friendship which grows into love and increasingly so. Such instances are commonly observed around us. What happens after that love increases beyond a certain limit? No matter how absurdly the other person behaves, it is not found to be a shortcoming; rather it is approved. **Where there is limitless love, no reproval can exist for that person, even if he or she is full of shortcomings.**

Increasing love, beyond a certain limit, makes a person blind to the beloved's faults, no matter how acute they are. This is *pramodbhaav* and is the second stage of love. Each one of us must have experienced this and would readily agree that we would be fully tolerant of any fault of a very dear one; in fact, we would not even notice such faults but observe the virtues only.

Such state of love continues for a few months or years, climbing to an even higher stage, by when both partners have faced hardships and situations, testing their love and forbearance. Both have become aware of each other's faults and/or weaknesses. **Due to *pramodbhaav* having been strongly developed, ill-feeling, that typically gets caused as a reaction to the faults, is not allowed to remain. "No complaints. May God help you understand and overcome your faults."** Only, tolerance with compassion, effectively, *karunabhaav* flows in him.

In a stage beyond, after many years in the preceding stage, no matter how insulting or unacceptable the words, they are tolerated and accepted without any ill-feeling. In such ultimate state of love – completely free of any expectation, any behavior is simply accepted, without any 'if' or 'but'.

Maitri, pramod, karuna and upeksha - these four *bhaavana need* to be adopted and applied in practice, within household as well as with outsiders and it would be observed how Aatma is blooming. **In spite of the noticeable results starting to flow at the outset(of practicing), one should never conclude "I have understood" as that would be a signal to *Aatma*, to immediately stop (further) learning process. These *bhaavana* are to be understood in immense depth. So, one should always think "I have understood a bit; a lot more remains to be understood." This way, the learning process continues enabling to understand in depth.**

What could be the reason to say (in the first line) "*Karm* process is perplexing. Persistently, endeavor for *maitri, pramod, karuna and upeksha*" to Juthabhai? We are aware that Juthabhai passed away within a very short time of coming in contact with ParamKrupaludev. In other words, Param Krupaludev had very short time to bestow *Aatmagyaan* upon him. To that end HE mysteriously proclaims the said words.

No one is aware when or how the unforeseen happens. So much unforeseen, unexplainable is continuously found to occur around us, all completely attributable to *karm*. To face, to accept and to avoid getting further entangled in new *karm*, when coping with the unforeseen, *Aatma* has to

be fortified in such a way so as to remain unaffected.

Ek raank ne ek nrup, e aadi j bhed
Kaaran vina na kaarya te,
te j shubhaashubh ved

One becomes a king and another stays a pauper; such differences cannot occur without the cause; that indicates bearing of the consequences of wholesome and unwholesome Karma.

In the above (verse 84 of *Aatmasiddhi Shaastra*), the principle that there has to be a cause for every happening is established. Without reason, nothing can happen. One is born as a king or one is born penniless – a definite reason must have caused that. **The cause may be direct or indirect but a definite reason always exists as a cause for everything that happens – unforeseen, unexplainable or otherwise.** When we speak of the uncertainty, inexplicability of *karm*, it is at a very superficial level that we feel such uncertainty etc. and it does not touch the core of our soul. Since childhood, we have been observing such strangeness all around us and have become used to it and in due course, have come to accept it, now, not even finding it strange! Only when such strangeness occurs in the lives of someone known, do we pause and ponder upon it.

Whatever situation a being is facing today is totally the result of past good and bad *karm*. Such *karm rise* and yield commensurate result.*Karm* of different beings are unequal. Different *bhaav nutured* at various times in various life forms have resulted in different *karm*. The rise and manifestation of such *karm* again evokes different *bhaav* in beings. Thus, the oddity that is observed all around.

That is why, Param Krupaludev urges Juthabhai to see through and understand the oddities and remain on full alert against *karm*.To this end, *Aatma* has to become totally fortified for which the four *bhaavana* are to be constantly nurtured.

Let us too do the same in the interest of our *Aatmakalyaan*. ◆

...Concluded

AUM SHANTI: SHANTI: SHANTI

Note: This translated and edited version of Pujya Prem Acharayji's Discourse is done by the Editorial Team of Ananya Parivartan

Q કાળલબ્ધિ એટલે શું ?

કાળ લબ્ધિનો અર્થ છે, સમય જ્યારે પાકશે ત્યારે જે વસ્તુ બનશે તે. પૂર્વે કંઈ આરાધના કરેલી છે એ આરાધનાના ફળરૂપે જીવને જ્યારે એવો વિચાર ઉત્પન્ન થાય કે સત્‌ધર્મની સમજણ લઈ ક્રિયા થાય અને એટલું જીવ જ્યારે પ્રાપ્ત કરે એ જીવને ક્યારેક ''મારા આત્માનું કલ્યાણ થશે'' એવો ભાવ ઉત્પન્ન થતાં એની શોધખોળ પણ ચાલશે કે મને આવું ક્યાંથી મળી શકે ? કાળલબ્ધિ એટલે કર્મનો ઉદય કહીએ તો અજ્ઞાન દશામાં જીવે ક્યારેય એવું કર્મ બાંધેલું ન હોય કે જે ઉદયમાં આવી મોક્ષનું ફળ આપે. પણ એને અનુરૂપ પુરુષાર્થ કરીએ તો બનવાજોગ છે કે બે - ચાર ભવ પછી એ કાળલબ્ધિ પાકે અને કર્મનો એવો ઉદય આવતાં મોક્ષનું બળવાન કારણ થાય, મોક્ષ મળી પણ જાય.

અજ્ઞાન દશામાં મોક્ષની પ્રાપ્તિ થાય એવું કોઈ કર્મ બાંધેલું હોઈ જ ન શકે. એટલે એવું કર્મ બાંધવા માટે જે રૂઢિગત ધર્મ છે, રૂઢિગત પુણ્યની ક્રિયા છે એ કરતાં કરતાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય કે હવે 'આત્મા' મળવો જોઈએ આત્માની અનુભૂતિના કારણની શોધ એ જ પૂર્વનું પૂણ્ય છે એને કાળલબ્ધિ સમજો તો અત્યારે 'હા', પણ મોક્ષ માટેની કાળલબ્ધિ તો હવે જે પુરુષાર્થ થશે એનાથી પ્રાપ્ત થશે, પછી પ્રગટ થશે.

Q સિદ્ધ આત્મા નિજસ્વરૂપનો કર્તા છે, તે તેની અર્થક્રિયા થઈ, તો ત્યાં દેહ નથી માટે દ્રવ્ય ક્રિયા નથી એમ સમજવું બરાબર છે કે એમાં હજી કંઈ વિશેષ છે ?

સિદ્ધને દેહ નથી માટે દેહની ક્રિયા નથી. તેઓ માત્ર પોતાને જાણ્યા કરે છે. આ અર્થક્રિયાના કારણે તેઓ અકર્તા છે. પોતાના સ્વરૂપને, પોતાના ગુણોને માત્ર જાણ્યા કરે છે. ધારો કે તમારી પાસે કોઈપણ ભાવ ન હોય, તમે મનમાં બોલ્યા કરો, 'હું દેહ નથી, આત્મા છું,' 'હું દેહ નથી, આત્મા છું.' તો ઘણા ઓછા કર્મ લાગશે અને તમે કર્મ છોડતા જશો. દેહ નથી તો કોઈ કર્મ પણ તેની પાસે નથી. કર્મબંધ માટે કર્મ હોવા જોઈએ. સિદ્ધ ભગવાનના આત્મા પર કર્મનું એક પણ રજકણ નથી માટે તે અકર્તા છે. દેહ નથી એટલે દેહની કોઈ ક્રિયા નથી, કર્મ બંધ નથી. તમે પણ ઉંડી સમાધિમાં ચાલ્યા જાઓ, દેહને ભૂલી જાઓ, માત્ર યાદ રાખો, 'હું આત્મા છું, હું આત્મા છું.' આ એક એવી અવસ્થા છે, જ્યાં એક પણ કર્મ તમને લાગશે નહીં.

Q પ્રશસ્તરાગ અને દ્રષ્ટિરાગમાં શું ફરક છે ?

પ્રશસ્તરાગ એટલે જે રાગ ઈચ્છવા યોગ્ય છે તે. જે વખાણવા જેવો રાગ છે તે પ્રશસ્તરાગ. વખાણી શકાય એવો રાગ કયો ? જે રાગ કરવાથી આત્મા કર્મબંધનથી છૂટે એવો રાગ કરવાનો. સોભાગભાઈને કૃપાળુ દેવે કહ્યું હતું કે, કોઈ કરતાં કોઈ પ્રત્યે રાગ કરવો જ નહીં. પણ જો કરવો પડે તો એક સત્પુરુષને જ કરજો સત્પુરુષનો એક ક્ષણનો સમાગમ, એક ભવસાગર પાર કરવા માટે નૌકા સમાન છે.

દ્રષ્ટિરાગ એટલે કે મોહવશ થઈ જીવતત્વની પકડ ન કરતાં માત્ર ગુરુ, ગુરુ કર્યા કરે તો ન ચાલે. દ્રષ્ટિરાગમાં ગમે તેટલો બોધ આપવામાં આવે તો પણ જીવ એમ જ કહે કે, આ મને નથી જોઈતું, તે મને નથી જોઈતું. મને માત્ર તમે એકલા જ જોઈએ છે તો ન ચાલે. શબ્દથી ભલે બોલતાં હોઈએ પણ અંતરંગમાં લક્ષ જોઈએ કે તત્વ અને આત્મા જોઈએ છે.

આમ દ્રષ્ટિ રાગ એ દોષ છે, પ્રશસ્તરાગ એ ગુણ છે.◆

આણાએ ધમ્મો, આણાએ તવો

સંકલન : ડૉ. સુચિતા દોશી, મુંબઈ

૧લા અંકમાં આપણે જોયું જીવ જ્યારે શ્રી ગુરુની આજ્ઞાપૂર્વક ધર્મક્રિયાઓ કરે છે ત્યારે સાચાં અર્થમાં ધર્મની (આત્મસ્વરૂપ)ની પ્રાપ્તિની નજીક જાય છે અને છેવટે તે પ્રાપ્ત કરે છે.

આ માર્ગે આગળ વધતાં જીવ પોતાનો કર્માશ્રવ ઘટાડતો જાય છે, ત્યારે તેને પૂર્વમાં બાંધેલા અંતરાય કર્મ, અશાતા વેદનીય કર્મ વિઘ્નરૂપ બને છે. ધર્મપ્રવૃત્તિ કરવામાં તે કર્મો મુશ્કેલી ઊભી કરે છે. ભોગવવી પડતી આવી મુશ્કેલીથી તે અકળાય છે, અશાંત થાય છે અને પૂર્વની ભૂલોનો ભુક્કો કરવા તે તૈયાર થાય છે. એક પછી એક કેટલીય ભૂલોના પરિણામ ભોગવીને નિવૃત્ત કરવાની પ્રવૃત્તિ જો તે સ્વીકારે તો તેમ કરવામાં ઘણો લાંબો કાળ પસાર થઈ જાય. સંભવ છે જીવની ચંચળતાને કારણે તેની ધર્મપ્રવૃત્તિ જ બાજુમાં મુકાઈ જાય. બીજું બહુ લાંબા સમયગાળાને લીધે જીવને મળેલાં માનવ જીવનનું સફળપણું કરવું પણ કદાચ મુશ્કેલ બની જાય, કારણ કાળ પ્રમાણે માનવનું આયુષ્ય નાનું પણ હોઈ શકે. આવા સમયે તે જીવ સહજપણે પોતાના ગુરુની સહાય ઈચ્છે છે અને વિનમ્ર બની તેમની પાસે માર્ગદર્શન માંગે છે. ત્યારે શ્રી સદ્‌ગુરુ તેને કર્મને ઝડપથી નિવૃત્ત કરવા માટે શ્રી પ્રભુએ સૂચવેલો તપના આરાધનનો માર્ગ સમજાવે છે. તપ પણ કાળની અસર પ્રમાણે જીવની યથાશક્તિએ સદ્‌ગુરુની આજ્ઞાએ થાય, પૂર્વ સમજણ સાથે થાય ત્યારે જ ઈચ્છિત ફળ આપે છે. સદ્‌ગુરુ પણ જીવના કર્મ પ્રમાણે તેની શક્તિ અનુસાર જ તેને તે કરવાની રજા અર્થાત્ આજ્ઞા આપે છે. આપણે પુર્વના અનેક તીર્થંકરોના દાખલામાં જોયું જ છે તેઓ બધા દીક્ષિતોને સરખા તપ નહોતા બતાવતા. જીવની યોગ્યતા અનુસાર જ તેમને તપની રજા મળતી. ભગવાન નેમનાથ પાસે દીક્ષા લીધા બાદ તે જ દિવસે ગજસુકુમાર મુનિએ મહાકાલ સ્મશાનમાં જઈ ૧૨મી ભિક્ષુપ્રતિમાં સ્વીકારવાની આજ્ઞા માંગી. ભગવાન નેમિનાથે તેમના કર્મ અને શક્તિ તેમજ ભાવિ ભાવ જોઈ નવદીક્ષિત હોવા છતાં રજા આપી, તમને સુખ ઉપજે તેમ કરો.

તપનું આચરવું એ જીવને માટે પૂર્વે એકત્રિત કરેલા સર્વ કર્મના જથ્થાને જલ્દીથી વિખેરવા માટે રામબાણ ઈલાજ છે. જેનાથી આત્મા તપે એ તપ છે. તેની યોગ્ય સમજણ બહુ જરૂરી છે.

શ્રી પ્રભુએ તપના બાર પ્રકાર બતાવ્યા છે. છ બાહ્યતપ

(૧) અનશનઃ જીવને પોતાની ઈચ્છા પ્રમાણે જોઈએ એટલો આહાર મળતો હોય છતાં જીવ પોતાનો સંયમ કેળવવાના હેતુથી ઈચ્છાપૂર્વક આહાર ગ્રહણ ન કરે છતાં મનની શાંતિ રાખી શકે તે અનશન વ્રત.

(૨) ઉણોદરી : જીવ પોતાની જરૂરિયાત કરતાં ઈચ્છાપૂર્વક થોડો ઓછો આહાર ગ્રહણ કરે તેને ઉણોદરી વ્રત કહે છે. કોઈ જોઈએ તે કરતાં અડધો જ ખોરાક ગ્રહણ કરે, કોઈ બે-ચાર કોળિયા ઓછો ગ્રહણ કરે આ સર્વે ઉણોદરી તપમાં જ સમાય છે.

(૩) વૃતિ સંક્ષેપઃ ઘણી વસ્તુઓ હોય, તેમાંથી અમુક સંખ્યામાં જ વસ્તુ ગ્રહણ કરવી. અથવા ખાવાપીવાની સર્વ વસ્તુઓનો સ્વાદ લેવામાં જીવને જોડાવા ન દેવો અથવા જરૂર પુરતી જ, શરીર નિર્વાહ પૂરતી જ સંયમિતભાવે વસ્તુ ગ્રહણ કરવી અથવા પોતાના સંયમને ચકાસવા પોતે ધારેલા અમુક

અભિગ્રહ પૂરા થાય તો જ આહાર ગ્રહણ કરવો કે ભોજન કરવું, અને એમ જ થાય તો શાંત પરિણામથી વિચરવું. આ બધાને વૃત્તિસંક્ષેપ કહે છે.

(૪) રસ પરિત્યાગઃ ભોજનમાં પ્રવર્તતા મુખ્ય છ રસ - ખારો, ખાટો, તીખો, ગળ્યો, તૂરો અને કડવો તેમજ સારા રસ - વિગઈ જેમકે ઘી, તેલ, ખાંડ, ગોળ, દૂધ વગેરેનો શક્ય તેટલા પ્રમાણમાં કે વારા ફરતી ત્યાગ કરી નિરસ ભોજન કરવું તે રસ - પરિત્યાગ.

આમ આ ચારે પ્રકારના તપની રચનાનો ક્રમ આ પ્રમાણે સમજાય છે. જો ચાલે તો, શક્ય હોય તો ભોજન જ ન કરવું. આમ કરવાથી હિંસા અટકી જાય છે અને ખાવાની પ્રવૃત્તિમાં રોકાતો સમય આત્મપ્રવૃત્તિમાં વાપરી શકાય છે. પરંતુ આહાર વિના છદ્મસ્થ જીવથી સદાકાળ રહી શકતું નથી. તેવા સંજોગોમાં અધુરુ પેટ ભરી ભોજન કરવું હિતાવહ ગણ્યું છે. બીજું જ્ઞાનીઓ કહી ગયા છે, ભરપેટ ભોજન કરવાથી જીવને આળસ આવે છે, ઉંઘ આવે છે તેથી આત્મપ્રવૃત્તિ કરવાની ઈચ્છા થતી નથી. માટે જ અનેક નિયમો રાખી ભોજન કરવામાં સંયમ વધારવાનું ઈચ્છયું છે. તે ઉપરાંત બને તેટલો રસ-પરિત્યાગ કરવાનું પણ કહ્યું છે. આ બધાનો મૂળ હેતું છે દેહમાં રહેલ બુદ્ધિ, ત્યાંથી નીકળી આત્મપ્રવૃત્તિ કરવા તરફ વળે.

અનાદિકાળથી આ આત્માએ સંસારમાં યાત્રા ચાલુ કરી. બીજી રસેન્દ્રિય પ્રાપ્ત થઈ ત્યારથી જ ભવ-ભ્રમણમાં જે જે ભવમાં, જે શરીર મળ્યું તેની આળપંપાળમાં મુખ્યતાએ તેને ખવડાવવાનું કામ જ ચાલુ રાખ્યું ! ઠાણાંગ સૂત્ર કથિત ચાર ખાડાઓમાં પેટનો ખાડો ક્યારેય ન ભરાયો. આને કેટકેટલું ખવડાવ્યું ? અનંતકાળના સંસાર પરિભ્રમણમાં કરેલા ભોજનનો ઢગલો મેરૂ પર્વત કરતાંય વધી જાય અને પીધેલા પ્રવાહીઓનો ઢગલો સ્વયંભૂરમણ સમુદ્ર કરતાંય વધી જાય, છતાં પેટ ભરાયું નહીં, તૃપ્તિ થઈ નહીં.

માનવ ખાતાં ખાતાં ક્યારેય થાક્યો નહીં, ટૂંકમાં ખાવાની અને મનગમતું ખાવાની જીવને આદત પડી ગઈ. અનાદિકાળની આ કુટેવ જાણે સ્વભાવ બની ગઈ હોય એવું લાગે છે. હકિકતમાં આત્મા અનાહાર છે, એને કોઈ આહારની જરૂર નથી. જે કાંઈ ખાઈએ છીએ તે શરીરના પોષણ માટે, ઈન્દ્રિયોના સ્વાદ માટે કે મનને બહેલાવવા માટે જ. અનંત શક્તિના ધારક, ચૈતન્યવંત અને અનહારક પદનો માલિક એવો આત્મા ભિન્ન ભિન્ન વેરાયટીઓ માટે, અરે ! તુચ્છ અને નિઃસાર, અભક્ષ્ય વસ્તુ પાછળ કેટલો લટ્ટુ બન્યો છે. આ છે આત્માની નિર્માલ્યતા !

માટે જ પરમ કૃપાળુ દેવ જેવા અનંત જ્ઞાનીભગવંતોએ કહ્યું છે, 'આ એક રસેન્દ્રિયને વશ કરવાથી અન્ય ઈન્દ્રિયો પર જીવ સહેલાઈથી કાબુ મેળવી શકે છે' અનહારક દશા જેનો મૂળ સ્વભાવ છે એવો આત્મા જ્યારે તપ કરે છે ત્યારે જ ધીમે ધીમે અનહારકતાની નજીક જઈ શકે છે. પણ કહેવત છે ''તપ તો ખાંડાની ધાર'' છે. કર્મોનો ભુક્કો બોલાવવાની તલપ અને દૃઢ સંકલ્પ શક્તિ વિના આવો આત્મપુરુષાર્થ જાગી ન શકે, પછી તે બાહ્ય તપ હોય કે આંતરતપ હોય. બાહ્ય તપના આ જે ચાર પ્રકાર જોયા તે જીવને રસના ઈન્દ્રિય પર કાબુ મેળવવા માટે છે, પણ સમજણ સહિત, શ્રી ગુરુની આજ્ઞાએ કરે ત્યારે જ. અન્યથા કષાયો અને સંસાર પરિભ્રમણનું કારણ જ બને છે.

બાહ્યતપના હજુ બે પ્રકારમાં

(૫) કાયક્લેશઃ આમાં શાસ્ત્રોના અર્થઘટન પ્રમાણે કાયાને કષ્ટ આપી તપાવવા માટે કહેલ છે. ખુલ્લા પગે ચાલવું, કેશ લોચ કરવો... પણ જ્ઞાનીઓ તેનો અર્થ એવો પણ કરે છે; સાધક આરાધન કરે ત્યારે પૂર્વ કર્મને કારણે તેને અનેક પ્રકારની શારીરિક પીડા કે ઉપદ્રવનો સામનો કરવો પડે છે. આવા સંજોગોમાં આત્માને ઉપયોગી તપનો ત્યાગ ન કરતાં, શારીરિક પીડા કે ક્લેશને ગણકાર્યા વિના ઉત્તમતાએ તેની વર્ધમાનતા કરતા જવી તે કાયક્લેશ તપ કહેવાય છે.

(૬) પ્રતિસંલીનતાઃ નિર્દોષ એકાંતવાસમાં પ્રમાદરહિત બની, સૂવા -બેસવાની પ્રવૃત્તિમાં પ્રભુ ધર્મભાવના સાચવવી તે. તેને વિવિક્ત શય્યાસન પણ કહે છે. યોગ, કષાય અને ઈન્દ્રિયોની અશુભ પ્રવૃત્તિને રોકવી, જીવ જ્યારે સમુહમાં હોય ત્યારે તેની વૃત્તિ ડહોળાવવાનો અવકાશ વધારે રહે છે, નિમિત્તો હાજર થાય છે, અનન્ય જીવોના ભાવની અસર પણ તેના પર પડ્યા કરે છે, અને તે અસરથી મુક્ત થવા જીવે વિશેષ પુરુષાર્થ કરવો પડે છે. સર્વ જ્ઞાનીઓનો અભિપ્રાય છે એકાંતમાં જેટલો સંસારક્ષય થઈ શકે છે તેનો સોમો હિસ્સો પણ સમૂહમાં રહીને ક્ષય નથી કરી શકાતો. પણ આ માટેની આંતરીક પાત્રતા અને શ્રી સદ્‌ગુરુની આજ્ઞા અનિવાર્ય છે, તેને સાચા અર્થમાં ફળીભૂત થવા.

આમ પૂર્વકર્મોનો ભુક્કો બોલાવવા માટે શ્રી પ્રભુએ બતાવેલ બાર તપમાંથી ૬ બાહ્યતપ આપણે જોયા. આ તપ મુખ્યતાએ રસેન્દ્રિયને વશ કરવા અને દેહની આસક્તિ તોડવા માટે છે, જેથી કરી જીવ આત્મસ્વરૂપમાં સ્થિરતા કરવા આગળ વધે. (ક્રમશઃ) ◆

SPIRITUAL JOURNEY TO THE USA



The months of June and July 2015 marked the arrival in the USA of a young, dignified and knowledgeable mumukshu, Shri Jitenbhai Shah and his charming wife, Priyaben, a distinctive mumukshu. They were accompanied by the talented Sparsh International's eminent singer, Shri Riteshbhai Gandhi and his wife, Hemaben, both senior mumukshus. They conducted Shibirs and Spiritual Sessions in many cities of the USA with a view to encouraging aspirants to adopt and progress on the Path of Happiness and Bliss shown by Param Krupaludev Shrimad Rajchandra and Param Pujya Premacharyaji.

THE LOS ANGELES SHIBIR

Their first port of calling was Los Angeles, where they spent considerable time delivering insights on parmarth purusharth to the aspiring spiritual seekers. They began their Spiritual Journey by joining the Annual Spiritual Retreat of mumukshus from Los Angeles and San Diego in the town of Big Bear. Here the old and the new mumukshus got an opportunity to bond on an individual level with Jitenbhai and Priyaben. Jitenbhai also conducted a couple of informal sessions with the mumukshus and answered their queries regarding life and spirituality.

The Retreat left many mumukshus wanting more of Jitenbhai's beneficial spiritual insights and their thirst was quenched with his Shibir on "Discover the Powerful You", which covered the essentials of the existence



and permanence of Aatma in a very simple, logical and an effective manner. He derives his oratory skills and the innovative style of imparting knowledge from none other than Param Pujya Pappaji and obviously, it aroused a lot of interest and inquisitiveness about parmarth in many a young and old. While Riteshbhai's bhakti pads before and during the Shibir were mesmerizing, Hemaben helped answer questions of many inquisitive aspirants.

Both Jitenbhai and Priyaben untiringly and patiently assisted new comers with several tips on how to go forward and also guided old mumukshus on how to strengthen their purusharth. The final informal session on the "Secrets of Karma" was so inspiring that many urged them to come back soon in LA to help them progress steadily on the path of spirituality.

SESSION AT SAN FRANCISCO

A Session was organized in San Francisco at a mumukshu's residence where many persons of South Indian origin, Punjabis and Jains attended. It was heartening to see a Muslim Lady attend this Session.

SESSION AT LANCASTER, PENNSYLVANIA

Their Spiritual Journey continued to the East Coast where after a brief stopover at Jersey City, New Jersey, they were joined by Premalbhai and Darshiben, who graced the small town of Lancaster in Pennslyvania to conduct a Session on "Spiritual Connect - Find the Missing Link" organized by Govind and Meghna More and attended mainly by medical professionals. The mood was set by Riteshbhai's melodious devotional songs and Jitenbhai's perspective on true happiness was well received by most people who admired his knowledge and demeanor considering his young age.

SHIBIR AT SIDDHACHALAM, NEW JERSEY

Jitenbhai and his team's tireless efforts to motivate as many people as possible to follow this beautiful Path of Peace and Happiness were evident as they moved on to the next location within less than 48 hours for a 3 day Shibir in the picturesque location of Siddhachalam in New Jersey. Siddhachalam is a Jain Ashram and a pilgrimage place spread over 120 acres of hilly terrain in an idyllic rural area of north-western New Jersey. It is regarded as the first Jain place of pilgrimage outside India.

Jitenbhai's sessions on "Discover the Powerful You" were held in this pious location inside a cottage-temple exclusively dedicated to Param Krupaludev and known as "Shrimad Rajchandra Temple". Mumukshus from various parts of North America including Toronto, Connecticut, New Jersey, Chicago, Detroit, Los Angeles, Pennsylvania, Boston and New York attended these Sessions. Keeping Param Krupaludev's Shri Aatmasiddhi Shastra as a reference guide, Jitenbhai put forth the doubts on Aatma's existence and their answers in a simple yet deeply insightful manner which



appealed to both the new as well as old mumukshus. Each session was preceded by Soul-stirring Bhakti pads by Riteshbhai who also conducted a Bhakti session in the Main Temple of Siddhachalam, which was immensely appreciated by all. Mumukshus were also motivated by the one-to-one discussions and practical purusharth tips from Jitenbhai and his fellow Dharma Yatris. The highlight of the event was Face Time with Param Pujya Pappaji who captivated everyone by His mere presence, invaluable and unique guidance to mumukshus during the Question-Answer Session and motivated all to reinforce their purusharth and reach their goal of self-realization.

SESSION AT BOSTON

The Session in Boston was held at the Jain Centre and attended by as many as 35-40 new comers. The topics included “Knowing The Self”, “Sat Dharma” and “What is Real Sukh”. These Sessions generated a lot of interest for the new comers who demanded a special Shibir for 2-3 days.



SAN DIEGO SHIBIR

The final destination was at San Diego, California from 10th-12th July, 2015. The Spiritual Workshop sessions were held at the Jain Center of San Diego, where Jitenbhai gave a very detailed explanation of the Topic “Discover the Powerful YOU!” taking reference from 'Aatma Che' of Aatmasiddhi Shastra. There were about 60 participants consisting of young and old members of the Jain and Non-Jain community. They were all awe struck by his simplicity and command over English and Gujarati languages and creative examples given by him to prove the existence of Soul.

The Sessions were transformational for a few as it gave them a new perspective to as to why it is so important to know your own self. The highlight of the Workshop was the interactive style of the Sessions which helped clarify doubts and resulted in enhanced curiosity and interest amongst the attendees. The connection with the residents in San Diego continued outside the Shibir as Jitenbhai received numerous invitations from aspirants who were deeply impressed by his soulful satsangs and revolutionary thinking. Many attendees showed interest in visiting the Shrimad Rajchandra Aatma Tatva Research Center at Rajnagar during their next trip to India as well as joining the regular satsangs conducted on a bi-weekly basis.

Jain Society of San Diego extended a special invitation for Riteshbhai Gandhi's Bhakti evening on Friday, 10th July and more than 60 individuals enjoyed the soul-stirring bhakti sandhya.

The Spiritual Journey of these Dharma Yatris from the Shrimad Rajchandra Aatma Tatva Research Centre was a wonderful, elevating experience for us, the mumukshus of the USA and it was heartening to see the curiosity aroused in many new comers to know more and more about Aatma and how and where to find it which is evident from the following few feedback remarks:

"Outstanding workshop! Very helpful and practical approach with logical methodical explanation. Cannot think of any words to express!"

"Excellent examples by Jitenbhai answered 90% of our doubts & helped us incline more towards spiritual growth & knowing our soul."

"Superb sessions. Loved the simplicity of explanation of amazing topic & very convincing logic. Strongly suggest to bring Jitenbhai back @ JSSD."

आ चल के तुझे मैं लेके चलूँ



ज्योतिबेन कोठारी,
जमशेदपूर

आ चल के तुझे मैं लेके चलूँ,
एक ऐसे गगन के तले,
जहाँ गम भी ना हो, आँसू भी ना हो,
बस प्यार ही प्यार पले!

बचपन से बहुत बार यह गीत सुना और हर बार यह एक कवि/गीतकार की कल्पना से ज्यादा कुछ न लगा। सपने में भी कभी ऐसी किसी जगह या ऐसी किसी परिस्थिति का होना संभव नहीं लगा। पर आज से सात साल पहले जब पूज्यश्री की कृपा दृष्टि पडी तब से धीरे धीरे ये पंक्तियां जैसे हकीकत में बदलने लगी। लगने लगा की उनका आश्रय वह गगन है जहाँ बस प्यार ही प्यार है। अपूर्व ''मैं'' अर्थात् उनसे मिलने के पूर्व तक जो ''मैं'' था वह बदलकर जो पूर्व में अनंतकाल के परिभ्रमण या अनादि की यात्रा में कहीं नहीं मिला था वह अपूर्व ''मैं'' मिला। कहने को उन्होंने सिर्फ ''मैं ज्योति'' को ''मैं आत्मा'' करवाया पर अनुभव को शब्द से परे सुख और शांतिमय बनाया है।

सूरज की पहली किरण से,
आशा का सवेरा जागे
चंदा की किरण से धूलकर,
घनघोर अंधेरा भागे।
कभी धूप खिले, कभी छाँव मिले,
लंबी सी डगर ना .....

आश्रम में २००८ के यंगस्टर शिबिर में उनसे जब मिलना हुआ था तब मैंने कहा – पूज्य कनक बेन मुझे सत्संग कराने को कहते हैं पर मुझे पहले तो लगता नहीं की मैं करा पाऊँगी और दूसरा घर से इतनी दूर कराने जाने का पेट्रोल खर्च हो जायेगा। पूज्यश्रीने कहा – ''सत्संग तुम्हे कहाँ करवाना है? वो तो परम कृपालु देव करवायेंगे। और रही जाने की बात तो कभी भी प्यासा कुएँ के पास जाता है, कुआँ प्यासे के पास नहीं आता।'' पहला जवाब तो ठीक था और दूसरे का अर्थ उस समय यही समझा कि जिसे सत्संग करना हो वो आयेगा। मुझे जाने की जरूरत नहीं। शुरुआत के उस दौर में प्यासी मैं हूँ यह समझ नहीं आई थी। और हुआ कुछ ऐसा की शिबिर से लौटते हुए मायके में रुकी और संयोग से वहाँ शास्त्रो के अभ्यासी ऐसे एक ग्रुप की कुछ मीरा बहनो के साथ बैठना हुआ और दो से ढाई घंटे मेरे (ज्योति) मुख से अच्छी खासी ज्ञान चर्चा निकल गई। यहाँ उनके पहले वचन की पुष्टि हो गई पर दूसरे में तो मेरी समझ ही गलत थी। लोटने के बाद कुछ दिन बितने के पश्चात जब यह अनुभव हुआ कि लोगों का आना तो संभव नहीं मुझे ही जाना होगा। पति से रीक्वेस्ट करके अनुमति ली और पूज्य कनक बेन को कहा कल जाऊँगी। बस उसी दिन से शाम में पति ने बताया की मैं कंपनी से फ्री पेट्रोल के लिये अेलीजीबल

हूँ। और पीछले एक साल से हूँ पर मुझे आज पता चला। तब उनकी दूसरी बात और प्यासा कौन? यह भी प्रतीति रुप से सामने आयी। इस तरह गाने का यह पहला अंतरा भी कल्पना से यथार्थ में परिणीत हो गया। यहाँ परमार्थ के साथ साथ संसार की अनुकूलता भी बढ़ी।

जहाँ दूर नजर दौड़ाअें, आजाद गगन लहराये,
जहाँ रंग बिरंगे पंछी, आशा का संदेशा लाये,
सपनों में पली, हँसती वो कली,
जहाँ शाम सुहानी ढले।

अपने अहं और मन के कारण ससुराल में सबके अनुकुल व आझाद ख्याल के होते दूर हुए हमेंशा दुखी होना जैसे आदत में शुमार हो गया था। पूज्यश्री के आश्रय से जैसे अपने नकारात्मक विचार पकड़ में आने लगे और उनके प्रभाव से जैसे जैसे व्यक्ति या परिस्थिति का प्रतिकूल होना समझ में आने लगा, वैसे वैसे अपने सभी निकट ऋणानुबंधी जीवों को देखने की नजर बदलने लगी और फलस्वरूप जो कभी सोच नहीं सकती थी वैसी अनुकुलता वे सब सामने से देने लगे। अब तो कई बार यह फील करती हूँ कि सत्संग मैं करती हूँ पर मुझसे ज्यादा परिवार के हर सदस्य में परिवर्तन है। पूज्यश्री की कृपा ऐसी रही की उन्होंने मेरे कर्मो को देखते हुए मुझे जो हो सके वह पुरुषार्थ दिया (क्रिया रुप में) और उसे पूरा करने के साधन बच्चों के नाम पर पति ने घर में उप-लब्ध करवा दिये। आज घर के सभी इतनी अनुकूलता देते हैं कि संसार तो प्रेममय हो ही रहा है और परमार्थ में भी अड़चन नहीं है। जब जब अड़चन आई, तब तब प्रभु ने उसे खड़ा करने में मेरी अपनी ओर से भावों में हो रही भूल को बताया। साथ ही जब जब पूर्व कर्मोदय से विभावों की व विकल्पों की झड़ी लगी और मायुसी सी लगी तब तब (ऐसा १-२ नहीं ५०-६० बार) सत्संगी साथीयों के फोनने मुझे उसमें से निकाल लिया। इस तरह इस दूसरे अंतरे में कही आजादी नजर आने लगी। पूज्यश्री की बगिया में उड़ते दूसरे पक्षीयों का सहारा मिलने लगा और हर दिन एक नई खुशी - नई समझ के साथ ढलने लगा है।

सपनों के ऐसे जहाँ में,
जहाँ प्यार ही प्यार खिला हो,
हम जा के वहाँ खो जाये,
शिकवा ना कोई गिला हो,
कहीं बैर ना हो, कोई गैर ना हो,
सब मिलके यूं चलते चले।

रायपुर गुरु पूर्णिमा शिबिर और जमशेदपुर वेलेन्टाईन शिबिर में सपनों का ऐसा जहाँ देखने को मिला जो मेरी कल्पना से परे था। रायपुर पहुँचने की कोई संभावना नजर नहीं आ रही थी और संचालन के लिये पूज्य निलेशभाईने मेरा नाम लिया था। मैंने तो मुंबई धवल भाई से कह दिया था शायद ही आ पाउँ। आप कोई और नाम सोच कर रखियेगा पर प्रभु ने अनुकुलता करवा कर बुला ही लिया। जमशेदपुर पूज्य पप्पाजी आये और मैं घर ना बुला पाऊँ यह स्वीकार नहीं हो रहा था और दूसरे मुमुक्षुओं की भागीदारी तथा संख्या देखते हुए यह संभव हो पायेगा यह विश्वास भी नहीं हो पा रहा था। अंत में मैंने सब उनके चरणों में समर्पित करते हुए मन ही मनमें उन्हे इतना ही कहा कि आप जरूर आये पर मुझसे ज्यादा पात्र और अधिकारी दूसरे भी है अतः आपकी इच्छा मुझे मान्य होगी। मुझे पूरा विश्वास है आप मेरे लिये जो उचित व आवश्यक होगा वह जरूर करेंगे। मैंने भाव तो कर लिए लेकिन अनंतकाल से इच्छापूर्ति ना होने पर शिकवें गिले करने की अपनी आदत का ध्यान न रहा। परंतु करुणा सागर प्रभुको तो मेरे भाव पूर्ण करने का पूरा ख्याल था और उत्कृष्ट भावों की दिशामें आगे बढ़ुँ इस तरह का योग दिया। भोजनके लिए सभी ट्रस्टीयों को साथ ले पधारें। आहार कैसे ग्रहण करना उसके अद्‌भुत रहस्य भी समझा गये। इस तरह इस अंतिम अंतरे में कही हर बात भी सच कर गये। बहुत सारे मुमुक्षुओं को साथ जोड़ गये ताकि मिलकर यह मुक्ति का कारवाँ उनके पदचिन्हों पर चलते हुए मंजिल तक पहुँच जाये।

आज प्रतिदिन ही १०-२० अनुभव अद्‌भुत इस मोक्ष मार्ग की शांति के वे करवा देते हैं। सभी को शब्द दे पाने में अभी तो यह जीव असमर्थ है। यहाँ जो कुछ थोड़ा लिखा है वह भी गागर में सागर समाने का प्रयास है जो सफल नहीं हो सकता। बस इतना ही कहुँगी पू. प्रेमाचार्यजी परम पूज्य पप्पाजी आपके आश्रय में सदा ऐसे ही प्रेम में रहने को यह जीव रुचिवंत हुआ यह उसका अहोभाग्य है और आपने अपना लिया यह महा भाग्य। **सद्‌गुरु शरणं मम:** ◆

અખાના છપ્પા

હેતલ દોશી, મુંબઈ

.... ભગવાનની પ્રતિમા, મૂર્તિ કે ચિત્રપટ જીવને કંઈ જ કહેવાની નથી એ જીવને અંતરમાં બરાબર ખાતરી છે. માટે ત્યાં જીવ પોતાના દોષો કબુલ કરવામાં ખચકાટ નથી અનુભવતો અને દોષોથી સર્વથા મુક્ત થવું છે એવો લક્ષ પણ નથી. પરંતુ ચૈતન્ય કહેતા પ્રત્યક્ષ વિચરતા જ્ઞાની પુરુષ સમક્ષ જ્યારે જીવ દોષોનો એકરાર કરે છે, પોતાની ભૂલોની કબુલાત કરતાં રડવું આવે છે ત્યારે જ્ઞાની પ્રભુના પ્રતિભાવ, હાવભાવ જીવને કંઈક ઓર જ બળ આપે છે. પ્રત્યક્ષ જ્ઞાની જીવની પ્રકૃતિ બદલાવે છે; જે કામ ભગવાનની મૂર્તિ ન જ કરી શકે, એ વિદ્યમાન મૂર્તિ કરી શકે.

જ્ઞાની તે જે કરે વિચાર, પ્રપંચ તજે ને સંઘરે સાર;
સકળ કામના સવળી કરે, વાસના - વપુ ઠેકાણે ઠરે;
ટાળે આપ ને ભાળે ઈશ (અખા) એવા પુરુષને મળે જગદીશ

શબ્દાર્થ: પ્રપંચ : સંસારની માયા;

સાર : રહસ્ય, તત્વ; વપુ : શરીર; ઠેકાણે ઠરે: યોગ્ય સ્થાનમાં સ્થિર થાય; આપ: પોતાપણું, અહંભાવ.

વિશેષાર્થ: અનંતકાળના પરિભ્રમણમાં ચાર ગતિમાં રખડતા આ જીવને જ્યારે જ્યારે મનુષ્યપણું મળ્યું છે અને જે કુળમાં જન્મ થયો ત્યાં જે ધર્મ પાળતા હોય એ ધર્મ પાંચ ઈન્દ્રિય દ્વારા કરી ધર્મને ક્રિયા સુધી જ સિમિત રાખ્યો છે અર્થાત્ ક્રિયાને જ જીવે ધર્મ માન્યો છે. જે ભગવાનને પૂજે છે એવોજ હું પણ થઈ શકું એવો જીવને ક્યારેય વિચાર માત્ર નથી આવ્યો. કારણ, ભગવાનની હરીફાઈ થોડી કરાય? માત્ર દિવસના અમુક કલાક મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે દહેરાસર - ઉપાશ્રયમાં જઈ ધર્મની ક્રિયા કરી, મેં ધર્મ કરી લીધાનો સંતોષ માની, ભગવાનને મંદિર, મસ્જિદ, ગુરુદ્વારા કે દેરાસરમાં જ મુકી જીવ પોતાના સંસારમાં, આધિ વ્યાધિ અને ઉપાધિમાં મસ્ત બની જાય છે.

પરંતુ ધર્મ કરીને પણ જીવને અંદરમાં અમુક પ્રશ્નો સતાવ્યા જ કરે છે, જેમ કે હું કોણ છું? આ જગત શું છે? તે શી રીતે પેદા થયું ? તેનો કર્તા નિયંતા કોણ? વગેરે. આવા પ્રશ્નોનો યથાર્થ ઊંડાણથી જીવ વિચાર જ નથી કરી શક્યો, કારણ કે એક તો યોગ્ય માર્ગદર્શનનો અભાવ અને બીજું આધિ-વ્યાધિ અને ઉપાધિમાં જીવ એવો ગૂંચાયો છે કે પોતાના સંસારના પ્રશ્નો હલ ન થતાં હોય ત્યાં આવા પ્રશ્નો હલ કરવા જીવ ક્યાં રોકાય? મનમાં વિચારે મૂકને માથાકૂટ, અત્યારે ખાઈ-પીને જલસા કરો, કાલ કોણે દીઠી છે? અને જે આધિ-વ્યાધિ ઉપાધિની ચિંતા જ્ઞાની પુરુષને ચિતા સમાન લાગે છે, જેને ત્યજી તેઓ સમાધિમાં રહે છે એજ આધિ-વ્યાધિ અને ઉપાધિની ચિંતાની ચિતામાં જીવ બળ્યા કરી જીવન પૂર્ણ કરી નાખે છે અને મળેલો મનુષ્ય જન્મ વેડફાઈ જાય છે.

જેમ અખાજીએ આગળના છપ્પામાં જણાવ્યું એમ જીવને જ્યારે પ્રત્યક્ષ જ્ઞાની કે જે જીવ અને શિવની વચ્ચેની બળવાન કડી છે, એવા જ્ઞાનીનો સમાગમ થવાથી અને આધિ-વ્યાધિ-ઉપાધિમાં તેઓ કેવી રીતે સમાધિ ટકાવી શકે છે એ પ્રત્યક્ષ જોવાનો અવસર મળે છે ત્યારે જીવ એમનાથી એટલો બધો

પ્રભાવિત થઈ જાય કે આમની પાસે એવું કંઈક છે; જે શાંતિ મેળવવાનો પુરુષાર્થ અનંતકાળથી હું કરું છું, પણ એનું રીઝલ્ટ ન આવતા મારો બધો પુરુષાર્થ પરિશ્રમમાં જ વ્યર્થ ગયો.

આ ભવે આવા સમર્થ જ્ઞાનીપુરુષના સમાગમથી અને એમના પરિચય અને માર્ગદર્શનથી હવે જીવ પણ આધિ, વ્યાધિ, ઉપાધિમાં અંશે સમાધિ ટકાવી શકે છે અને પહેલા નિરંતર જે મન ઉચાટમાં રહેતું હતું એ શાંત થવાથી અનાદિથી વણ ઉકલ્યા પ્રશ્નોનું પ્રત્યક્ષ જ્ઞાનીના માર્ગદર્શનથી ચિંતન મનન થતાં એ પ્રશ્નોનું સમાધાન થવાની શરૂઆત થાય છે.

માટે અખાજી કહે છે, **''જ્ઞાની તે જે કરે વિચાર''**

અહીં જ્ઞાની શબ્દ ઉપદેશક કે ગુરુના અર્થમાં ન કરતા અખાજી કહે છે આત્મા પોતે જ્ઞાન સ્વરૂપ જ છે માટે જે પોતાને ઓળખવાની કોશિષ કરે છે તે જ્ઞાની. જ્ઞાનીના પણ દશા અનુસાર ઘણા ભેદ છે. આત્મા જ્ઞાન સ્વરૂપ જ છે. અનંતકાળના પરિભ્રમણમાં કર્મોથી ખરડાયેલો છે એને ઓળખવાનો અને કર્મને ક્ષય કરવાનો જે પુરુષાર્થ કરે છે એ જીવ પણ અપેક્ષાએ જ્ઞાની છે. બીજા પ્રકારના જ્ઞાની જે પોતે બોધ પામી ચૂક્યા છે અને બીજાને બોધ પમાડી શકે એ વધુ ઉપરની દશાના જ્ઞાની. જેમણે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું છે અને સર્વ કર્મથી રહીત થઈ સ્વરૂપસ્થ થયા છે અને અનંતકાળ સુધી સ્વસ્વરૂપમાં જ સ્થિત રહેવાના છે એ સંપૂર્ણ જ્ઞાની.

અહીં અખાજી પહેલા પ્રકારના જ્ઞાનીની એટલે કે જે જીવ પોતાને ઓળખવાનો પુરુષાર્થ કરે છે તેની વાત કરે છે. જ્ઞાની તે જે કરે વિચાર. શેનો વિચાર? હું કોણ છું? આ પ્રશ્નનો સદ્‌ગુરુના માર્ગદર્શન પ્રમાણે વિચાર કરતાં નીચે પ્રમાણે જવાબ મળે છે. જ્યારે મારા માટે 'હું' શબ્દ વાપરું છું ત્યારે શરીરના કયા ભાગને જોઈને 'હું' કહું છું? આંખ, કાન, નાક, હાથ, પગ? ના, આમાથી કોઈને જોઈને આ આંખ હું છું, કે કાન હું છું, કે હાથ-પગ હું છું એમ નથી બોલતી. આ મારી આંખ છે, મારા હાથ - પગ છે એમ જ બોલીએ છીએ ને? એટલે કે મારી આંખ, હું આંખ એમ નહીં અને જ્યાં મારી આંખ એમ બોલીએ ત્યાં હું અને આંખ એમ બે જુદા થયા ને? જેમ મારું ઘર એમ બોલીએ ત્યારે હું અને ઘર એમ બે અલગ થયા, મારા કપડા કહેતા હું અને કપડાં અલગ થયા એમ મારી આંખ કે મારા હાથ પગ કહેતા હું અને હાથ-પગ અલગ થયા. અથવા જ્યારે શરીર દુઃખતું હોય ત્યારે મારું શરીર દુઃખે છે એમ બોલીએ છીએ એજ બતાવે છે કે હું આ શરીરથી જુદો છું. શરીર એ હું નથી એટલે કે અજ્ઞાન અવસ્થામાં અજાણતા પણ આત્મા જાણે છે કે આ દેહથી જુદું અસ્તિત્વ પોતાનું છે પણ સંસારની માયામાં જીવ એવો ફસાયો છે કે પોતાના અસ્તિત્વને ભૂલી જઈ બાહ્ય રૂપને જ પોતાનું સ્વરૂપ માને છે. એટલે કે આ શરીરની અંદર કો'ક એવું તત્વ છે જે હું છું. જેના કારણે મને શરીર દુઃખે છે એની ખબર પડે છે એ ચેતન છે. જે જ્ઞાન દર્શન ગુણના કારણે બાકીના જડ થી જુદો પડે છે. એટલે કે જડમાં જોવા - જાણવાની શક્તિ નથી, ચેતનમાં જ જોવા જાણવાની શક્તિ, ગુણ છે.

હવે એવો વિચાર આવે કે હું પાંચ ઈન્દ્રિયથી જોઈ જાણી શકું છું, તો મૃત દેહમાં પાંચે ઈન્દ્રિય હોવા છતાં એ કેમ જોઈ જાણી શકતું નથી? રીએક્શન નથી આપી શકતું? જ્યારે માણસ જીવતો હોય ત્યારે જરાક દાઝે ત્યાં હાથ અગ્નિ પરથી ખેંચી લઈ રાડા રાડ કરે, એને મૃત્યુ બાદ આખું શરીર ચિતા પર મૂકી દઈ બાળે છતાં શરીર ચૂં કે ચાં ન કરે.

આ પૂરવાર કરે છે કે માણસ જ્યારે જીવંત હોય ત્યારે એનામાં જોવા જાણવાની શક્તિ હતી એ જીવના એટલે કે આત્માના હોવાથી હતી. માટે જે જાણે છે તે જીવ છે અને જે જણાય છે તે જડ છે. અર્થાત્ પહેલો પ્રશ્ન હું કોણ છું?નો જવાબ મળે છે 'હું આત્મા છું.' જેમ ઈલેક્ટ્રીસીટીના હોવાથી પંખા અથવા ટ્યુબલાઈટ ચાલી શકે છે. પાવર જવાથી આ બધા સાધનો હોવા છતાં પંખો કે એસી ઠંડક નથી આપી શકતા અને ટ્યુબલાઈટ પ્રકાશ નથી આપી શકતી. એમ આ દેહમાંથી જીવના નીકળી જવાથી એટલે કે મૃત્યુબાદ દેહમાં ઈન્દ્રિય હોવા છતાં એ ઈન્દ્રિયો જોઈ જાણી નથી શકતી.

માટે આ દેહમાં જોવા જાણવાની શક્તિ જેનામાં છે એ ચેતન જેના હોવાથી પાંચે ઈન્દ્રિય અને છઠ્ઠુ મન કામ કરી શકે છે. ◆

RIYF

છ આવશ્યક

આપણા રોજિંદા જીવનમાં જ્યારે દેહમાં અશક્તિ વર્તાય ત્યારે ડોક્ટર પાસે જઈ શક્તિની કેપસ્યુલ લઈએ છીએ, જેથી ફરી પાછી સ્ફુર્તિનો અહેસાસ થાય છે. એવી જ રીતે પરમાર્થમાં જ્યારે પ્રમાદ વર્તાય ત્યારે જ્ઞાની આપણને પરમાર્થિક કેપસ્યુલ આપે છે, જેનાથી આપણી સૂતી ચેતના જાગૃત થાય છે.

આવશ્યક પહેલું: સામાયિક પાઠ

સામાયિકનો અર્થ

- નિર્દોષ અને પવિત્ર સ્થળે, નિર્દોષ આસન પર અડતાલીસ મિનિટ (૨ ઘડી) સુધી
  - સ્વાધ્યાય
  - ધ્યાન
  - જાપ વગેરે અભ્યંતર તપ કરવા
- ધાર્મિક પ્રવૃત્તિ કરવાની ક્રિયાને સામાયિક કહે છે.

વિધિ સૂચના

૧. નમસ્કાર મહામંત્ર

૨. મંગલાચરણ પાઠ (અહો શ્રી સત્પુરુષ કે વચનામૃતમ્)

૩. સામાયિક સંકલ્પસૂત્ર

પરમ કૃપાળુ દેવની સાક્ષીએ બે ઘડીના નિયમથી

- સંસારના સર્વ પ્રકારના પાપવ્યાપારનો પરિત્યાગ કરી, એક આસને બેસી, સામાયિક માટે આપની આજ્ઞા યાચિયે છીએ.

ભાવ પ્રતિક્રમણના સામાયિકમાં શું ભાવ રાખવા ?

- મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ સંબંધી મન, વચન, કાયા થકી થયેલા સર્વ પાપ, અપરાધ, અતિચાર દોષની નિંદા કરવી.

૪. સ્વઆલોચના પદ - ૨૦ દોહરા (હે પ્રભુ ! હે પ્રભુ !)

આવશ્યક બીજું : ચઉવિસત્થો

ચઉવિસત્થોનો અર્થ

- ચોવીસ એટલે ૨૪, સ્તવ એટલે વંદન, પૂજન, કીર્તન વગેરે.
- ૨૪ તીર્થંકરોની સ્તુતિ અને સ્તવના.

વિધિ સૂચના

૧. જિનેશ્વર સ્તુતિ

- જિનેશ્વર સ્તુતિમાં ભક્તામર સ્તોત્રની એક ગાથા બોલાય છે.
- આમાં ભગવાનને નમન કરવામાં આવે છે.

તુભ્યં નમસ્ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જિન ભવોદધિશોષણાય.... ગાથા ૨૬

ગુજરાતીમાં અનુવાદઃ

થાઓ મારાં નમન તમને દુઃખને કાપનારા,
થાઓ મારાં નમન તમને ભૂમિ શોભાવનારા;
થાઓ મારાં નમન તમને આપ દેવાધિદેવા,
થાઓ મારાં નમન તમને સંસૃતિ કાળ જેવા... ગાથા ૨૬

૨. નામસ્તવ સ્તોત્ર - લોગસ્સ પાઠ

- આ સંસ્કૃત પાઠમાં ૨૪ તીર્થંકરોને વંદન કરેલા છે.

૩. ચોવીસી સ્તવન

- ગુજરાતી ભાષાના આ સ્તવનમાં પણ ૨૪ તીર્થંકરોને વંદન કરેલા છે.

ચઉવિસત્થામાં ૩ રીતે ૨૪ તીર્થંકરોને વંદન કરેલા છે.

- સ્તોત્ર
- પાઠ
- સ્તવન

આવશ્યક ત્રીજું : વાંદણા

વાંદણાનો અર્થ

- સાધુ - સાધ્વીઓ, શ્રાવક શ્રાવિકાઓ, ગુરુ ભગવંતોને વિધિપૂર્વક વંદન કરવું, તેમની સેવાભક્તિ કરવી.

વિધિ સૂચના

૧. આ આવશ્યકમાં દેવ વંદન વિધિ કરવાની હોય છે. **ક્રમશઃ◆**



विशेष अहेवाल

गदग-हुबली शिबिर

मैं कौन हुँ? बडा ही सरल प्रश्न है। उसका उत्तर उससे भी सरल, आसान है और यह मजेदार तब हुआ जब इसकी प्राप्ति को भी परम पूज्य पप्पाजीने समस्त विश्व में सबसे आसान बताया और अनुभव करवाया।


गदग और हुबली के मुमुक्षु भाई-बहेनो का उल्लास, आनंद और भक्ति का कोई पार नहीं था जब पूज्य पप्पाजी और पूज्य निलेशभाई का आगमन कर्नाटक के इन दो शहेरो में हुआ।

